॥ ॐ ॥

॥ तस्य वाचकः प्रणवः ॥



# સ્વાધ્યાય

- યોગભિક્ષુ

## ईश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ईश्वर है।

(२५) ईश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ईश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) ईश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान : ओम् परिवार, १/अ, पलियडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३।

॥ ॐ ॥
॥ तस्य वाचकः प्रणवः ॥
॥ ઈશ્વરનું નામ ઓમ્ છે ॥

# સ્વાધ્યાય

(સ્વાધ્યાય એટલે 'સ્વ'ના અધ્યાયમાં, 'સ્વ'ની ઓળખમાં સહાયતા કરે તે. અને 'સ્વ' એટલે કે જે 'પર' નથી તે.)

યોગભિક્ષુ

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :**
ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવારટ્રસ્ટ વતી
ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુ
૩/બી, પલિયડનગર સોસાયટી, દર્પણ સર્કલ પાસે,
સેન્ટઝેવિયર્સ સ્કૂલરોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૦૭૯-૨૭૯૧૧૧૯૫

**આવૃત્તિ :** પ્રથમ : સપ્ટેમ્બર, ૧૯૮૭
દ્વિતીય : જૂન, ૧૯૯૨ (સુધારા-વધારા સાથે)
તૃતીય : ૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ (સુધારા-વધારા સાથે)

**પ્રત :** ૧૦૦૦

**© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન**

કિંમત : રૂ. ૬૦/-

મુદ્રક : **શાર્દૂલ પ્રિન્ટીંગ પ્રેસ**
બી/૬, રંભા કોમ્પ્લેક્સ, ગૂજરાત વિદ્યાપીઠ સામે, આશ્રમ રોડ, અમદાવાદ.
ફોન : ૦૭૯ - ૪૮૦૦૩૩૦૬, ૨૭૫૪૧૩૦૬, મો.: ૯૮૨૫૨૭૭૩૫૦
E-mail: shardulpress@gmail.com, URL: www.shardulprintingpress.in

# સ્વાધ્યાય

સ્વાધ્યાય એટલે 'સ્વ'નો અધ્યાય અને 'સ્વ' એટલે આત્મા-જીવાત્મા-દ્રષ્ટા. આત્મા માટે જે કાંઈ કરીએ તેને સ્વાધ્યાય કહેવાય. 'પર'માંથી મુક્ત થઈને 'સ્વ'માં સ્થિર થવા માટે જે કાંઈ સહાયતા કરે, તે બધાને સ્વાધ્યાય કહી શકાય. જુદાં-જુદાં અધ્યાત્મમંડળો દ્વારા સ્વાધ્યાયમાં સ્થિર થવા માટે જુદા-જુદા કાર્યક્રમોની સહાયતા લેવામાં આવે છે. વિધવિધ ભજનો, શ્લોકો, સ્તોત્રો, પ્રાર્થના વગેરે બોલીને સ્વાધ્યાય કરવામાં આવે છે, પરંતુ તે સાક્ષાત્ સ્વાધ્યાય નથી, સ્વાધ્યાયમાં સહાયતા કરનાર કાર્યક્રમ છે. એ કાર્યક્રમ પછી જો 'સ્વ'માં સ્થિર થઈ શકીએ, તો જ ખરો સ્વાધ્યાય થયો કહેવાય. સ્વાધ્યાય માટે અર્થાત્ 'સ્વ'માં સ્થિર થવા માટે મંત્ર પણ એક અતિ ઉપયોગી સાધન છે. મંત્રો પણ  અનંત છે. સ્વાધ્યાય માટે ગાયત્રીમંત્ર ખૂબ સહાયક છે. અમે સ્વાનુભવપૂર્વક કહીએ છીએ કે દીર્ઘકાળ, નિયમપૂર્વક ગાયત્રીમંત્રના જાપ કરવાથી બુદ્ધિમાં ખૂબ સૂક્ષ્મતા આવે છે અને તેથી અતિ સૂક્ષ્મ વિષયોને સમજવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. આવી યોગ્યતા પ્રાપ્ત થવાથી યથાર્થદર્શનની પ્રાપ્તિ થાય છે અને તેથી 'સ્વ'માં સ્થિર થઈ શકાય છે. પ્રાણાયામ અને બ્રહ્મચર્યના પાલનરૂપી તપથી પણ સક્ષમ થયેલું તન-મન 'સ્વ'માં સ્થિર થવાની ક્ષમતાવાળું હોય છે.

આત્મતત્ત્વ વિષેની બધા પ્રકારની સમજણ પ્રાપ્ત કરી લેવી તેનું નામ સ્વાધ્યાય.

**- યોગભિક્ષુ**

# અનુક્રમ


| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| (૧) | શાંતિપાઠ | ૧ |
| (૨) | ઈશ્વર-નામ-મહિમા | ૨ |
| (૩) | પ્રણવ-જપ-માહાત્મ્ય, પ્રણવ-અષ્ટક, ગુરુ-અષ્ટક | ૩ |
| (૪) | ઓમ્‌પરમાત્માની આરતી, સદ્‌ગુરુની આરતી, | ૫ |
| (૫) | ગુરુમહિમા | ૭ |
| (૬) | સદ્‌ગોરાં કી આરતી | ૯ |
| (૭) | ગુરુ પોતે છો | ૧૦ |
| (૮) | દીર્ઘ પ્રણવોચ્ચાર અને શ્લોકો | ૧૧ |
| (૯) | ગુરુગીતાના શ્લોકો | ૧૨ |
| (૧૦) | શ્લોકોના ગુજરાતી અર્થ | ૧૬ |
| | **: યોગભિક્ષુજીની પ્રેરણાદાયી રચનાઓ :** | |
| (૧૧) | તેરી જય ગાવે, ઓમ્-ધ્વનિમાં ક્યોં નિકલી | ૨૩ |
| (૧૨) | ચિનગારી | ૨૬ |
| (૧૩) | એક કરની ભલી, તૂને કૈસા ચમત્કાર કિયા | ૨૭ |
| (૧૪) | ઔરોં કા નામ રટા ન રટા, ગુરુરામ ક્યા કરે | ૨૮ |
| (૧૫) | જટા રખાઓ. આનંદની હેલી | ૨૯ |
| (૧૬) | સજો કેસરિયા | ૩૦ |
| (૧૭) | દિવ્યાંજલિ | ૩૧ |
| (૧૮) | હરિ-વિયોગી, ભાવોદ્રેક | ૩૨ |
| (૧૯) | કાયર નરથી નેડલો | ૩૩ |
| (૨૦) | ગુરુ-નિંદા ન સુણવી | ૩૪ |
| (૨૧) | ભક્તશ્રી પ્રાણભાને પત્ર, સવારી રે ચડી | ૩૫ |
| (૨૨) | તે-તે ગુરુપૂજન ગણાય | ૩૬ |
| (૨૩) | ગુરુજી, ટાળો અમ અજ્ઞાન | ૩૭ |
| (૨૪) | પ્રભુજી, ટાળો અમ અભિમાન, જ્યાં સુધી સાચી સમજ ન આવે | ૩૮ |
| (૨૫) | માનવી પોતાથી છેતરાયે | ૩૯ |
| (૨૬) | મૂર્ખો, મૃગજળની પાછળ ભાગે, આ બધું કોણ તને સમજાવે | ૪૦ |
| (૨૭) | મનડું હું-હુંમાં શરીર બગાડે, કુદરત, તારી કળા ન કળાય | ૪૧ |
| (૨૮) | હવે, વીતી ગઈ છે રાત | ૪૨ |
| (૨૯) | તો પછી બીજે શા માટે જાય | ૪૩ |
| (૩૦) | સમજનો મારગ છે શૂરાનો, ગુરુ સ્થાપ્યો જબરજસ્તી | ૪૪ |
| (૩૧) | આશ્રમ વિનાનાં યોગભિક્ષુજી, સ્વાધ્યાય-સૂત્રો | ૪૫ |
| (૩૨) | ધૂનો | ૪૯ |
| (૩૩) | ભજન-સારાવલી | ૫૦ |
| (૩૪) | જૂના ધરમ લ્યો જાણી ....... શ્રી ગણપત | ૫૧ |
| (૩૫) | જન્મ સફળ તું કરતો જા ....... ગુરુધ્યાનભિક્ષુ | ૫૨ |

# શાન્તિપાઠ

**ૐ સ્વસ્તિઃપ્રજાભ્યઃપરિપાલયન્તામ્ ન્યાય્યેન માર્ગેણ મહીં મહીષાઃ।**
**ગોબ્રાહ્મણેભ્યઃશુભમસ્તુ નિત્યમ્, લોકાઃસમસ્તાઃસુખીનો ભવન્તુ ॥**

અર્થ : પ્રજાનું કલ્યાણ થાઓ, રાજ્યકર્તાઓ ન્યાયના માર્ગે પૃથ્વીનું પાલન કરો, ગાય અને બ્રાહ્મણનું હંમેશાં ભલું થાઓ, સમસ્ત લોકો સુખી થાઓ.

**કાલે વર્ષ તુ પર્જન્યઃ પૃથિવી સસ્યશાલિની ।**
**દેશોઽયં ક્ષોભરહિતો બ્રાહ્મણા સન્તુ નિર્ભયઃ ॥**

**અર્થ :** ઋતુકાળે વરસાદ વરસો. પૃથ્વી (ધાન્યથી) લીલોતરીથી છવાયેલી રહો. આ દેશમાં શાન્તિ હો. (બ્રહ્મને જાણનાર) બ્રાહ્મણ નિર્ભય હો.

**ૐ સર્વેષાં સ્વસ્તિર્ભવતુ સર્વેષાં શાંતિર્ભવતુ ।**
**સર્વેષાં પૂર્ણં ભવતુ સર્વેષાં મંગલં ભવતુ ॥**

**અર્થ** : સર્વેનું કલ્યાણ હજો. સર્વને શાંતિ હજો. સર્વને પૂર્ણતા પ્રાપ્ત હજો. સર્વનું મંગલ હજો.

**સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખભાગ્ભવેત્ ॥**

**અર્થ :** સર્વે સુખી હો. સર્વ નીરોગી હો. સર્વનું શુભ હો. કોઈને દુઃખ ન હો.

**અસતો મા સદ્ગમય । તમસો મા જ્યોતિર્ગમય ।**
**મૃત્યોર્મા અમૃતં ગમય ।**

**અર્થ :** (હે પ્રભુ!) તું મને અસત્યમાંથી સત્યમાં લઈ જા. (અજ્ઞાનરૂપી) અંધકારમાંથી (જ્ઞાનરૂપી) પ્રકાશમાં લઈ જા. મૃત્યુમાંથી અમરત્વમાં લઈ જા.

**ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે ।**
**પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥**

**અર્થ :** તે પૂર્ણ છે, આ પૂર્ણ છે, પૂર્ણમાંથી પૂર્ણ પ્રગટે છે. પૂર્ણમાંથી પૂર્ણ લઈ લેતાં પૂર્ણ જ શેષ રહે છે.

**ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥**

# ईश्वर-नाम-महिमा

**( योगदर्शन के ईश्वर-लक्षण-दर्शक सूत्रों का भावार्थ )**

मुनि पतंजपिलने 'योगदर्शन' में,
'अीश्वर' की दी जो पहचान है;
बनी वह पद्य यहाँ गुरुकृपा से,
'सरल समझ' के उद्देश्य से ।-

कर्म-क्लेश-वासना और कर्मफल, ईश्वर में नहीं होते हैं;
व्यापक हैं वे सर्व-सभी में, ओम्-प्रणव नाम उनका है ।

ईश्वर संपूर्ण है सर्वज्ञ, कोई नहीं उनके समान है;
है आधीन काल भी उनके, ओम्-प्रणव नाम उनका है ।

भूत, भविष्य और वर्तमान के, सिद्धों के भी सिद्ध वे;
गुरुओं के भी हैं गुरुदेव, ओम्-प्रणव नाम उनका है ।

गुरुचरण की शरण गया जो, गया उसका 'मैं-मेरा' रे;
बंधन काटे भव-भव के वे, ओम्-प्रणव नाम उनका है ।

रटेंगे-भजेंगे 'ओम् गुरु ओम्' को, पार जीवन को लगा देंगे;
कहते पुकार के 'शशी' के गुरुदेव, ओम्-प्रणव नाम उनका है ।

ईश्वर की इस पहचान का, नित्य करे जो पाठ;
रटे प्रणव को प्रेम से भर, सत्य समझ के साथ ।

वह समाधान पा जायेगा, निश्चित है यह बात;
'योगभिक्षु' कहे धन्य होंगे, उसके मात और तात ।

## प्रणव-जप-माहात्म्य

हटेंगे अंतराय, कटेंगे विक्षेप, फटेंगे पर्दे दर्शन के;
डटेंगे 'योगभिक्षु' डंके की चोट कहूँ, रटेंगे प्रणव, न हटेंगे ।

## प्रणव-अष्टक

प्रणव से पढ़ो, प्रणव से बढ़ो, प्रणव से चढ़ो स्वर्ग-आसमान;
प्रणव से तोड़ो भ्रमजालों को; प्रणव है कल्पवृक्ष समान ।

प्रणव ही बोलो, प्रणव ही जोड़ो, प्राण-प्रणव है एक समान;
प्रणव के बिन प्रलय पल में; 'योगभिक्षु' हो जा सावधान ।

प्रणव छोड़ के पढ़ा 'क-ख-ग,' क्या पाया कुछ सोच-विचार;
प्रणव छोड़ के रटा 'मैं-मेरा,' खोया जन्म महा-मूल्यवान ।

प्रणव-प्रेम में हो मस्ताना, प्रणव-ज्ञान का दे कुछ दान;
प्रणव-ज्ञान के दाता के बिन, है 'योगभिक्षु' भिक्षुक समान ।

## गुरु-अष्टक

(पू. पा. श्री शंकराचार्य विरचित)
हिन्दी भावानुवाद - श्री योगभिक्षु

धन, पत्नी, पुत्र; पौत्रादि सर्व;
गृह, बांधवादि, मिले निखर्व;
पर जो लगा मन, न गुरुचरण में,
तो क्या पाया? भटका, भव-अरण्य में ।

कंठस्थ विद्या, वेदादि शास्त्र;
गद्य, सुपद्य, कविता सामर्थ्य।
पर जो लगा मन...

विदेशों में मान्य, स्वदेश में धन्य;
जीविका पवित्र, सदाचारी नित्य ।
पर जो लगा मन...

धरातल के भूप, भूपाल वृंद;
सेवित हैं जिनके, पादारविंद ।
पर जो लगा मन...

न भोगों में योगों में, न राज्यसुखों में;
मन न लगा हो, कभी कामसुखों में ।
पर जो लगा मन...

यशदान गुणगान, फैले दिगंतों में;
जग वस्तु सर्व, हो प्राप्त करों में ।
पर जो लगा मन...

वन और गृह को, समझे समान,
मन और देह से, चाहे उपराम,
पर जो लगा मन...

महामूल्य रत्नों की प्राप्ति हो जाय,
कामोपभोग, मिले दिन-रात,
पर जो लगा मन...

इस गुरु-अष्टक का, जो करेगा पाठ,
और गुरुचरणों में लगा रहे दिन-रात;
त्यागी, गृहस्थी, ब्रह्मचारी, हो चाहे भूपाल,
चारों पदारथ पायेगा, निश्चित है यह बात।

## ઓમ્પરમાત્માની આરતી

સકળ વિશ્વમાં, સર્વ લોકમાં, અણુ-અણુમાં જેનો વાસ;
પરમ બ્રહ્મ છે, પરમ તત્ત્વ છે, પ્રણવ-ઓમ્ તે ઈશ્વર છે.

ક્લેશ કર્મ તેઓથી દૂર રહે છે, વાસનાઓ પણ ભાગે છે;
કર્મફળોથી અલિપ્ત રહે છે, પ્રણવ-ઓમ્ તે ઈશ્વર છે.

ત્રણે કાળના સિદ્ધજનોના, પણ તેઓ પરમ સિદ્ધ છે;
ગુરુજનોના પણ ગુરુ તે છે, પ્રણવ-ઓમ્ તે ઈશ્વર છે.

ત્રિકાળજ્ઞાની સંપૂર્ણ તે છે, ના કોઈ તેટલું હોઈ શકે;
કાળ પણ છે તેને આધીન, પ્રણવ-ઓમ્ તે ઈશ્વર છે.

ગુરુજીનાં ચરણે જીવન સોંપ્યું, મટી ગયું ‘હું અને મારું’ રે;
ભવભવનાં બંધન જે કાપે, પ્રણવ-ઓમ્ તે ઈશ્વર છે.

રટો ભજો તમે ‘ઓમ્ ગુરુ ઓમ્’ ને, જીવન પર ઉતારે છે;
‘શશી’ના ગુરુદેવ કહે પોકારી, પ્રણવ-ઓમ્ તે ઈશ્વર છે.

સકળ વિશ્વમાં સર્વ લોકમાં, અણુ-અણુમાં જેનો વાસ;
પરમ બ્રહ્મ છે, પરમ તત્ત્વ છે, પ્રણવ-ઓમ્ તે ઈશ્વર છે.

## સદ્ગુરુની આરતી

ઓમ્ જય જય ગુરુદેવા, પ્રભુ જયજય ગુરુદેવા
આરતી નિત્ય ઉતારું.... (૨) કરું નિશદિન સેવા...
ઓમ્ જયજય .....

જન્મ-મરણ યમદૂતોનો ભય ગયો છે ભાંગી,
ગુરુજી મારા ભય ગયો છે ભાંગી,

નિજનામ નિરખાવ્યું... (૨) આત્મા ગયો જાગી...
ઓમ્ જયજય .....

નાનું-મોટું કાંઈ નવ જગમાં, સર્વે સમજાયું,
ગુરુજી મારા સર્વે સમજાયું,

ભ્રાંતિ મહીં રે ભૂલ્યો તો... (૨) લક્ષ મહીં આવ્યું...
ઓમ્ જયજય.....

હું ખોવાયો આપમાં પોતે, આપે ઓળખાવ્યો,
ગુરુજી મારા આપે ઓળખાવ્યો,

ગુરુગમ ત્રિકૂટિદ્વાર ખૂલતાં... (૨) નયણે નિરખાવ્યો
ઓમ્ જયજય .....

હું છું હરિમાં, હરિ છે મુજમાં, નિશ્ચય નિહાળ્યું,
ગુરુજી મારા નિશ્ચય નિહાળ્યું,

અખિલ વિશ્વમાં આપ વ્યાપ્ત છો... (૨) મેં નજરે ભાળ્યું...
ઓમ્ જયજય .....

લીધું પણ જે શિરને સાટે, હવે નહીં મૂકું,
ગુરુજી મારા હવે નહીં મૂકું,

ગુરુને ગોવિંદ પ્રત્યક્ષ મળિયા... (૨) કદી નહીં રે ચૂકું
ઓમ્ જયજય .....

જપતપ તીરથ ધ્યાનમાં ભૂલ્યો, બહુ દિન લ્હે લાગી,
ગુરુજી મારા બહુ દિન લ્હે લાગી,

સાચા સદ્‌ગુરુ મળિયા... (૨) ભ્રમણાઓ ભાંગી...
ઓમ્ જયજય.....

નિરાંત નિર્મળ નામ ગુરુજી મારા, પુરુષોત્તમપ્યારા,
ગુરુજી મારા પુરુષોત્તમપ્યારા,

લાલજી નિત્ય ગુણ ગાવે... (૨) છો પ્રભુજી મારા
ઓમ્ જયજય .....

# ગુરુમહિમા

ગુણપતિ ગુણ આગળ રહો, દોઈ કર જોડે દાસ;
સદા-સર્વદા સમરતાં, વિઘ્ન ન આવે પાસ.
શબ્દઉચ્ચારણ સરસ્વતી, મતિ આપજો માત,
ભૂલ્યા અક્ષર મેળવજો, ગુણ ગાઉં દિન-રાત.
ઓમ્‌ગુરુના ગુણ તણાં વખાણ શું વર્ણવું? મુખેથી કહું તો માપ ન આવે;
ઈન્દ્ર, કુબેર જેનો પાર પાવે નહીં, વેદ ચારે જેના ગુણ ગાવે.
અગમ ઘરમાં આપે રમી રહ્યા, બેહદ બહારની વાત લાવે;
દાસ સવાને ગુરુ ફૂલગરજી મળ્યા, ચરણ પ્રતાપથી ગુણ ગાવે.
શ્વાસોચ્છ્‌વાસ સ્મરણ ચલે, નહીં પુણ્ય કે પાપ;
પૂર્ણાનંદ પ્રગટ ભયો, બિના મંત્ર કો જાપ.
ગુરુ સમ ઔર કોઈ નહીં દાતા, માત-પિતા પુત્ર કે ભ્રાતા;
જો નિશદિન ગુરુચરણાં સેવે, તો અભયદાન ગુરુ પલમાં દેવે.
પારખ ગુરુ મળે જો પૂરા, તો નિશદિન વરસે નૂર મેં નૂરા;
ગરુશિષ્ય હોય દો સાચા, તો પ્રગટે પ્રેમ-જ્યોત પ્રકાશા.
ગુરુ કો કામી-ક્રોધી દેખે, તાકે કર્તવ્ય જાય અલેખે;
ગુરુ સાથે કોઈ પ્રેમ વધારે, તે હરિજન 'હું પદ' સબ હારે.
કાળ-ક્લેશ કાયાથી ત્યાગે, તો અનહદ ડંકા શૂન્યમાં વાગે;
ગુરુ સંતોષી આંગણે લાવે, તો કોટી તીરથનું ફળ પાવે.
ગુરુનાં ચરણાં પૂજે કોઈ, હું અને મારું મટી જાય દોઈ;
'ગુરુ-ગુરુ' જાપ મુખેથી બોલે, તો અમર દ્વાર શૂન્યમાં ખોલે.
વેદ-પુરાણ પઢે જો કોઈ, તે ફળ ગુરુ-પૂજાથી હોઈ;
ગુરુ પર લગની નિશદિન લાવે, તો શેતાન કાળ નજીક ન આવે.
જાત-વરણ-કુળભેદ ન ભાળે, ગુરુની પ્રતમા આખર લગ પાળે;
શ્વાસોચ્છ્‌વાસ સ્મરણ ગુરુ કેરો, તો સહેજે મટે ભવસાગર ફેરો.
ગુરુ દૂભે તો પૃથ્વી કંપે, તે અસુર જુગ-જુગ નહીં જંપે;
ગુરુને તાપ અંતરમાં કરશે, તો ગળત કોઢમાં નિશદિન ગળશે.

ગુરુ-શિષ્ય વચ્ચે અંતર પાડે, તો જમ-જાલમ નરકમાં ડાલે;
વેદ વાંચી વધ્યા છે ઝઘડા, સદ્‌ગુરુ શબ્દ કોઈ વિરલે પકડ્યા.
ખટ્‌દર્શનમાં ખટપટ ચાલી, ગુરુ રીઝ્યા તેને ગુરુગમ આલી;
અણલિંગી પદ સદ્‌ગુરુ આપે, ત્રણે તાપ મટે ગુરુ જાપે.
લાગ્યા સદ્‌ગોરાં કા પંજા, થયો પ્રકાશ ને ભયા અચંબા;
અગમ દેશમાં અદેખ દેખ્યા આપ પ્રકાશે આપને પેખ્યા.
અખે મહેલમાં આનંદ ભરિયો, જ્યાં વરસે અમૃતનો દરિયો;
અવિનાશીની સાધના આવી, બેઠા નૂરમાં નૂર સમાવી.
વાતું એ ઘરની કોઈ વિરલા જાણે, દેખત પંથી કોક ઠેકાણે;
પ્રેમ-પિયાની આશક લાગી, જ્યોત શૂન્યમાં ઝળહળ જાગી.
નીરખી ન્યાલ ભયા છે નૂરા, સોઈ પહોંચ્યા સાહેબ હજૂરા;
બંકનાળના બંકા કિલ્લા, ત્યાં ચઢશે કોઈ વચન-શોખિલ્લા.
ઝડપ સુરત શબ્દને બાઝી, ઈંડ ફૂટ્યો ત્યાં ગર્જના ગાજી;
રૂપ-અરૂપ અમર ભરથારા, દેખ્યા ત્રણ પાંચથી પારા.
ઘણણ-ઘણણ જ્યાં ઘોર જ ઘમકે, દશોં દિશામાં વીજળી ચમકે;
વિના દીપક જ્યાં જ્યોત પ્રકાશા, અણઘડ દેવના અજબ તમાશા.
પાલો ગળી થઈ ગયું છે પાણી, અમરની મૂર્તિ અમરમાં સમાણી;
એકાકાર જ્યાં કાળ ન કાયા, અખે દેશ, નહીં મોહ, નહીં માયા.
ઈંડ પાર સદ્‌ગુરુ કા ડેરા, અવિચળ દેખ્યા અમર ફકીરા;
તે જ થકી સકળ પરકાશા, તામેં લવ લાવે સવ દાસા.
દાસ સવો કહે સુણી સત લેવી, ગુરુના ઘરમાં રમત જોઈ એવી;
ગુરુમહિમા પ્ર.ભાતે ગાવે, તો કોટાનકોટી કર્મ બળી જાવે.
ગુરુમહિમા મધ્યાહ્ને બોલે, તો જ્ઞાનચક્ષુ અંતરનાં ખોલે;
સંધ્યાકાળ પઢે ગુરુમહિમા, તો સર્વ સિદ્ધિની સિદ્ધિ છે એમાં.
ગુરુની પ્રતમા પાળશે, ને કરે સદ્‌ગુરુની સેવ;
આખર લગી રહે એકતા, તો મનુષ્ય નહીં એ દેવ.

કુળમર્યાદા ખોઈ કે, ગ્રહે સદ્‌ગુરુ કો સાર;
તો ભવસાગર કી વાટમાં, કબહુ ન લોપે કાળ.
કૃપા ભયી સબ ભેખકી, અંતરની ફળી આશિષ;
દાસ સવો દંડવત્ કરે, સદ્‌ગુરુ ચરણ ઉપાસી.
સંવત ઓગણીસે એકાણું, ચૈત્ર વદી એકાદશી સોમવાર;
ગુરુમહિમા પૂરણ ભયો, સર્વ શાસ્ત્રાન કો સાર.
બ્રહ્મઅગ્નિથી બાળિયાં, ગૌહત્યાદિ પાપ;
કર્મ-કાષ્ટને બાળવા, સદ્‌ગુરુએ દીનો જાપ.

# સદ્‌ગોરાં કી આરતી

## જય જય આરતી સદ્‌ગોરાંકી

આદ-અનાદ નાદથી પર છો, અજર-અમર દેવા, ગુરુ અજર-અમર દેવા,
નહીં ઊપજ્યા નહીં જાયા, છો એવા ને એવા, ગુરુ છો એવા ને એવા
જય જય આરતી.....

અમરરૂપ બન્યા છો આપે, વિદેહ દેહધારી, ગુરુ વિદેહ દેહધારી
સાહેબકૃપા સહેજ ઘર પાયો, પલપલ બલિહારી, ગુરુ પલપલ બલિહારી
જય જય આરતી.....

અધ-ઊર્ધ્વમાં આપ બિરાજો, નિગમ નેતિ ગાવે, ગુરુ નિગમ નેતિ ગાવે,
વ્યાપક સકળ ભુવનમાં, નહીં આવે ને જાવે, ગુરુ નહીં આવે ને જાવે
જય જય આરતી.....

પાંચ પારખ લઈ પૃથ્વી, સ્થાવર-જંગમ સ્થાપી, ગુરુ સ્થાવર-જંગમ સ્થાપી,
ચૈતન્ય કરી ચલાવ્યાં, અમર બુંદ આપી, ગુરુ અમર બુંદ આપી
જય જય આરતી.....

નામઠામ બે બાદ કરીને, મૂળ પુરુષ જાચ્યો, ગુરુ મૂળ પુરુષ જાચ્યો,
દાસ સવા પર દયા કરીને, અભયદાન આપ્યો, ગુરુ અભયદાન આપ્યો
જય જય આરતી.....

# ગુરુ પોતે છો

ઓમ્ ગુરુને પારકા ન માનો, માનો પોતાના; (૨)
ગુરુને પારકા ન માનો, ગુરુ પોતે છો. (૨)

ઓમ્ ગુરુએ કૃપા કરીને, પસંદ કરિયું પલિયડ ગામ;
ગાયત્રી ગાવાને આપ્યું, નિર્વિકલ્પ મુક્તિધામ.
ઓમ્ ગુરુને....

ઓમ્ ગુરુના ઝંડા ફરક્યા, પકડી ઊભા 'મંગળ-સોમ';
'કાંતિ' ચૌદે લોકમાં પ્રસરી, નિનાદ ઊઠ્યા સાર્વ ભોન.
ઓમ્ ગુરુને....

ઓમ્ ગુરુની ગજવો ગર્જના, ગાઓ ગાયત્રી રોમેરોમ;
ભ્રમણા-ભૂતના ભુક્કા બોલે, ક્લેશ-કર્મના થાયે હોમ.
ઓમ્ ગુરુને....

'યોગભિક્ષુને' ભિક્ષા આપો, ઓમ્ રટી બની જાઓ 'પુરુષોત્તમ';
'દાસ' મટીને 'નાથ' બનો હવે, ગુરુપદ પામો સર્વોત્તમ.
ઓમ્ ગુરુને....

હતું એટલું આપી દીધું છે, મૂડી, મુદ્દલ ને વ્યાજ તમામ;
અભાગિયા જો તો ય ન જાગે તો, દોષ ન દેશો અમને રામ.
ઓમ્ ગુરુને....

૧. સત્ય-ધર્મ ગુરુદેવ કી જય

૨. આદ્ય શંકરાચાર્ય મહારાજ કી જય

૩. શ્રી રામચંદ્ર કી જય

૪. શ્રી કૃષ્ણચંદ્ર કી જય

૫. પવનસુત હનુમાન કી જય

૬. ગજાનંદ ગુણપતિ કી જય

૭. ગાયત્રી માત કી જય

૮. સર્વ સંતન-ભક્તન કી જય

૯. અપને અપને માતા-પિતા કી જય

૧૦. ઓમ્ નમઃ પાર્વતી પતયે હર... હર... મહાદેવ હર...

## દીર્ઘ પ્રણવોચ્ચાર અને શ્લોકો

ઓ....મ્... (૩)

૧. તસ્ય વાચકઃ પ્રણવઃ (૩) ઈશ્વરનું નામ ઓમ્ છે (૩)

૨. મંત્રાણામ્ પ્રણવઃ સેતુઃ (૩)

૩. માંગલ્યં પાવનં ધર્મ્યમ્, સર્વ કામ-પ્રસાધનમ્
ઓમ્કારઃ પરમં બ્રહ્મ, સર્વ મંત્રેષુ નાયકમ્ ॥

૪. ઓમ્કારં બિંદુ સંયુક્તં, નિત્યં ધ્યાયંતિ યોગિનઃ
કામદં મોક્ષદં ચૈવ, ઓમ્કારાય નમોનમઃ ॥
ઓમ્ સર્વેશ્વર સર્વજ્ઞ પરમાત્માને
નમસ્કાર છે, નમસ્કાર છે, નમસ્કાર છે.

૫. ઓમ્ ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુર્દેવો મહેશ્વરઃ
ગુરુર્સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥
ઓમ્ બ્રહ્માનંદો, દયાનંદો, વિવેકાનંદો આનંદ હો, આનંદ હો.
સર્વ સિદ્ધગણાય નમસ્કાર હો, નમસ્કાર હો, નમસ્કાર હો.

૬. ઓમ્ વામદેવાય નમો જ્યેષ્ઠાય નમઃ શ્રેષ્ઠાય નમો
રુદ્રાય નમઃ કાલાય નમઃ કલવિકરણાય નમો
બલવિકરણાય નમો બલાય નમો બલપ્રમથનાય નમઃ
સર્વભૂતદમનાય નમો મનોન્મનાય નમઃ ઓમ્ ॥

૭. ઓમ્ ભૂર્ભુવઃ સ્વઃ ઓમ્ તત્સવિતુર્વરેણ્યં
ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ઓમ્ ॥

# ગુરુગીતાના શ્લોકો

| | | |
|---|---|---|
| ૮. | પ્રાતઃ શિરસિ શુક્લાબ્જં દ્વિનેત્રં દ્વિભુજં ગુરુમ્ | । |
| | વરોડભયકરં શાન્તં સ્મરેત્તન્નામપૂર્વકમ્ | ॥૫॥ |
| ૯. | તિર્થાનિ દક્ષિણે પાદે વેદાસ્તન્મુખમાશ્રિતાઃ | । |
| | પૂજયેદર્ચિતં તં તુ તદભિધ્યાનપૂર્વકમ્ | ॥૮॥ |
| ૧૦. | ગૂઢાવિદ્યા જગન્માયા દેહામજ્ઞાનસંભવમ્ | । |
| | વિજ્ઞાનં તત્પ્રસાદેન ગુરુ-શબ્દેન કથ્યતે | ॥૧૫॥ |
| ૧૧. | કાશીક્ષેત્રં નિવાસશ્ચ જાહ્નવી ચરણોદકમ્ | । |
| | ગુરુર્વિશ્વેશ્વરઃ સાક્ષાત્ તારકં બ્રહ્મનિશ્ચિતમ્ | ॥૨૫॥ |
| ૧૨. | 'ગુ'કારશ્ચ ગુણાતીતો, રૂપાતીતો 'રુ'કારકઃ | । |
| | ગુણરૂપવિહીનત્વાત્ ગુરુરિત્યભિધીયત | ॥૩૪॥ |
| • ૧૩. | યસ્ય સ્મરણમાત્રેણ જ્ઞાનમુત્પદ્યતે સ્વયમ્ | । |
| | સ એવ સર્વસંપત્તિઃ તસ્માત્સંપૂજયેદ્ગુરુમ્ | ॥૪૩॥ |
| ૧૪. | કૃમિકીટભસ્મવિષ્ટાદુર્ગન્ધિ મલમૂત્રકમ્ | । |
| | શ્લેષ્મરક્તત્વચામાંસૈર્બદ્ધ ચૈતદ્વરાનને | ॥૪૪॥ |
| • ૧૫. | અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાન્જનશલાક્યા | । |
| | ચક્ષુરન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ | ॥૪૭॥ |
| • ૧૬. | અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્ | । |
| | તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ | ॥૪૮॥ |
| • ૧૭. | ચૈતન્યં શાશ્વતં શાંતં વ્યોમાતીતં નિરંજનમ્ | । |
| | નાદબિન્દુકલાતીતં તસ્મૈ શ્રીગુરવે નમઃ | ॥૫૨॥ |
| ૧૮. | યેન ચેતયતા હીદં ચિત્તં ચેતયતે નરઃ | । |
| | જાગૃત્સ્વપ્નસુષુપ્ત્યાદૌ તસ્મૈ શ્રી ગુરવે નમઃ | ॥૫૭॥ |
| • ૧૯. | ન ગુરોરધિકં તત્ત્વં ન ગુરોરધિકં તપઃ | । |
| | તત્ત્વજ્ઞાનાત્પરં નાસ્તિ તસ્મૈ શ્રી ગુરવે નમઃ | ॥૬૫॥ |
| ૨૦. | ગુરુરાદિરનાદિશ્ચ ગુરુઃ પરમદૈવતમ્ | । |
| | ગુરુમંત્રસમો નાસ્તિ તસ્મૈ શ્રીગુરવે નમઃ | ॥૬૭॥ |

- ૨૧. ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।
  મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥૭૪॥
- ૨૨. સપ્તસાગરપર્યન્તં તીર્થસ્નાનફલં યથા ।
  ગુરોઃપાદોદબિંદોશ્ચ સહસ્રાંશેન તત્ફલમ્ ॥૭૫॥
- ૨૩. શિવે રુષ્ટે ગુરુસ્ત્રાતા ગુરૌ રુષ્ટે ન કશ્ચન ।
  લબ્ધ્વા કુલગુરુસમ્યક્ ગુરુમેવ સમાશ્રયેત્ ॥૭૬॥

૨૪. મધુલુબ્ધો યથા ભૃંગઃ પુષ્પાત્પુષ્પાંતરં વ્રજેત્ ।
જ્ઞાનલુબ્ધસ્તથાશિષ્યો ગુરોર્ગુર્વન્તરં વ્રજેત્ ॥૭૭॥

૨૫. અત્રિનેત્રઃ શિવઃ સાક્ષાદ્દ્વિબાહુશ્ચ હરિઃ સ્મૃતઃ ।
યોઽચતુર્વદનો બ્રહ્મા શ્રીગુરુઃ કથિતઃ પ્રિયે ॥૮૦॥

૨૬. શ્રીગુરો પરમં રૂપં વિવેકં ચક્ષુરગ્રતઃ ।
મન્દભાગ્યા ન પશ્યન્તિ અન્ધાઃ સૂર્યોદયં યથા ॥૮૨॥

- ૨૭. બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિં ।
  દ્વન્દ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિલક્ષ્યમ્ ॥
  એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષિભૂતં ।
  ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્ગુરું તન્નામામિ ॥૯૭॥

૨૮. યાવત્કલ્પાંતકો દેહસ્તાવદ્દેવિ ગુરું સ્મરેત્ ।
ગુરુલોપો ન કર્તવ્યઃ સ્વચ્છન્દો યદિ વા ભવેત્ ॥૧૧૭॥

૨૯. ગુરુત્વં કૃત્ય હુંકૃત્ય ગુરુસાન્નિધ્યભાષણઃ ।
અરણ્યે નિર્જલે દેશે સ ભવેદ્ બ્રહ્મરાક્ષસઃ ॥૧૧૯॥

૩૦. ગુરુકાર્યં ન લંઘેત નાઽપૃષ્ટ્વા કાર્યમાચરેત્ ।
ન હ્યુત્તિષ્ઠેદ્વિશેઽનત્વા ગુરુસદ્ભાવશોભિતઃ ॥૧૨૦॥

૩૧. ન ગુરોરાશ્રમે કુર્યાદ્દુઃપાનં પરિસર્પણમ્ ।
દીક્ષા વ્યાખ્યા પ્રભુત્વાદિ ગુરુરાજ્ઞાં ન કારયેત્ ॥૧૨૧॥

૩૨. નોપાશ્રયં ચ પર્યંકં ન ચ પાદપ્રસારણમ્ ।
નાંગભોગાદિકં કુર્યાન્ન લીલામપરામપિ ॥૧૨૨॥

૩૩. ગુરુણાં સદસદ્વાપિ યદુક્તં તન્ન લંઘયેત્ ॥
કુર્વાન્નાજ્ઞાં દિવારાત્રૌ દાસવન્નિવસેદ્ગુરૌ ॥૧૨૩॥

૩૪. અદત્તં ન ગુરોર્દ્રવ્યમુભુંજિત કર્હિચિત્ ।
દત્તં ચ રંક્વદ્ ગ્રાહ્યં પ્રાણોપ્યેતેન લભ્યતે ॥૧૨૪॥
૩૫. પાદુકાસનશય્યાદિ ગુરુણા યદધિષ્ઠિતમ્ ।
નમસ્કુર્વીતતત્સર્વં પાદાભ્ય ન સ્પૃશેત્ક્વચિત્ ॥૧૨૫॥
૩૬. ગચ્છતઃ પૃષઠતો ગચ્છેદ્ ગુરુછાયાં ન લંઘયેત્ ।
નોલ્બણં ધારયેદ્વેષં નાલંકારાંસ્તથોલ્બણાન્ ॥૧૨૬॥
૩૭. ગુરુનિંદાકરં દૃષ્ટ્વા ધાવયેદથવા શયેત્ ।
સ્થાનં વા તત્પરિત્યાજ્યં જિહ્વા છેદાક્ષમો યદિ ॥૧૨૭॥
૩૮. નોચ્છિષ્ટં કસ્યચિદ્દેયં ગુરોરાજ્ઞાં ન ચ ત્યજેત્ ।
કૃત્સ્નમુચ્છિષ્ટમાદાય નિત્યમેવ વ્રજેદ્ બહિઃ ॥૧૨૮॥
૩૯. મંત્રરાજમિદં દેવિ! ગુરુરિત્યક્ષરદ્વયમ્ ।
સ્મૃતિવેદાર્થવાક્યાનાં સાક્ષાત્પરં પદમ્ ॥૧૩૩॥
૪૦. સત્કારમાનપૂજાર્થ દંડકાષાયધારણૈઃ ।
સ સંન્યાસી ન વક્તવ્યઃ સંન્યાસી જ્ઞાનતત્પરઃ ॥૧૩૪॥
૪૧. વિજાનન્તિ મહાવાક્યં ગુરોશ્વરણસેવયા ।
તે વૈ સંન્યાસિઃ પ્રોક્તા ઈતરે વેષધારિણઃ ॥૧૩૫॥
૪૨. અગોચરં તથાઽગમ્યં નામરૂપવિવર્જિતમ્ ।
નિઃશબ્દં તુ વિજાનીયાત્સ્વભાવાદ્ બ્રહ્મ પાર્વતિ ॥૧૪૫॥
૪૩. યથા ગન્ધસ્વભાવત્વં કર્પૂરકુસુમાદિષુ ।
શીતોષ્ણત્વં સ્વભાવત્વં તથા બ્રહ્મણિ શાશ્વતમ્ ॥૧૪૬॥
૪૪. યથા નિજસ્વભાવેન કુંડલે કટકાદયઃ ।
સુવર્ણત્વેન તિષ્ઠન્તિ તથાઽહં બ્રહ્મણિ શાશ્વતમ્ ॥૧૪૭॥
૪૫. એકાકી નિસ્પૃહઃ શાન્તશ્ચિન્તાઽસૂયાવિવર્જિતઃ ।
બાલ્યભાવેન યો ભાતિ બ્રહ્મજ્ઞાની સ ઉચ્યતે ॥૧૫૬॥
૪૬. ન તત્સુખં સુરેન્દ્રસ્ય ન સુખં ચક્રવર્તીનામ્ ।
યત્સુખં વીતરાગસ્ય મુનૈરેકાન્તવાસિનઃ ॥૧૫૯॥
૪૭. કિમાવાહનમવ્યક્તે વ્યાપ્તે કિં વિસર્જનમ્ ।
અમૂર્તૌ ચ કથં પૂજા કથં ધ્યાનં નિરામયે ॥૧૬૩॥

| | | |
|---|---|---|
| ૪૮. | લબ્ધં વાઽથ ન લબ્ધં વા સ્વલ્પં વા બહુલં તથા | । |
| | નિષ્કામમેનૈવ ભોક્તવ્યં સદા સંતુષ્ટમાનસમ્ | ॥૧૬૭॥ |
| ૪૯. | સર્વજ્ઞપદમિત્યાહુર્દેહી સર્વમયો ભુવિ | । |
| | સદાનન્દઃ સદા શાંતો રમતે યત્ર કુત્રચિત્ | ॥૧૬૮॥ |
| ૫૦. | યત્રૈવ તિષ્ઠતે સોઽપિ સ દેશઃ પુણ્યભાજનઃ | । |
| | મુક્તસ્ય લક્ષણંશ્ચૈવ તવાગ્રે કથિતં મયા | ॥૧૬૯॥ |
| ૫૧. | યદ્યપ્યધીતા નિગમાઃ ષડઙ્ગાન્યાગમાઃ પ્રિયે | । |
| | અધ્યાત્માદીનિ શાસ્ત્રાણિ જ્ઞાનં નાસ્તિ ગુરું વિના | ॥૧૭૨॥ |
| ૫૨. | નિરસ્તસર્વસન્દેહો એકીકૃત્ય સુદર્શનમ્ | । |
| | રહસ્યં યો દર્શયતિ ભજામિ ગુરુમીશ્વરમ્ | ॥૧૭૩॥ |
| ૫૩. | ગુરુદેવાર્પણં વસ્તુ તેન તુષ્ટોસ્મિ સુવ્રતે | । |
| | શ્રીગુરોઃ પાદુકાં મુદ્રાં મૂલં મંત્રશ્ચ ગોપયેત્ | ॥૧૮૩॥ |
| ૫૪. | ધન્યા માતાપિતા ધન્યો ગોત્રં ધન્યં કુલોદ્ભવઃ | । |
| | ધન્યા ચ વસુધા દેવી યત્ર સ્યાદ્ગુરુભક્તતા | ॥૨૩૨॥ |
| ૫૫. | આકલ્પં જન્મકોટીનાં યજ્ઞવ્રતતપક્રિયાઃ | । |
| | તાઃ સર્વાઃ સફલા દેવિ ગુરુસંતોષમાત્રતઃ | ॥૨૩૩॥ |
| ૫૬. | ગુરવો બહવઃ સન્તિ શિષ્યવિત્તાપહારકાઃ | । |
| | તમેકં દુર્લભ મન્યે શિષ્યહૃત્તાપહારકમ્ | ॥૨૪૩॥ |
| ૫૭. | શ્રીગુરું પરમાનન્દં વન્દે આનન્દવિગ્રહમ્ | । |
| | યસ્ય સન્નિધિમાત્રેણ ચિદાનન્દાયતે નમઃ | ॥૨૬૧॥ |
| ૫૮. | એકાક્ષરપ્રદાતારં યો ગુરું નૈવ મન્યતે | । |
| | શ્વાનયોનિશતં ગત્વા ચાન્ડાલેષ્વભિજાયતે | ॥૨૬૮॥ |
| ૫૯. | સપ્તકોટિ મહામંત્રાશ્ચિત્તવીભ્રંશકારકાઃ | । |
| | એક એવ પરો મંત્રો ગુરુરિત્યક્ષરદ્વયમ્ | ॥૨૭૨॥ |

# ગુજરાતી ભાવાર્થ

- ૧. ઈશ્વરનું નામ ઓમ્ છે.

- ૨. સર્વ મંત્રોમાં પ્રવેશવા માટે 'ઓમ્' પુલની સમાન છે.

- ૩. મંગળ કાર્ય હોય કે પવિત્ર કાર્ય હોય કે ધાર્મિક કાર્ય હોય, તે સર્વે માટે ઓમ્ અચૂક ફળ આપનારો છે. ઓમ્ પરમબ્રહ્મ છે અને સર્વ મંત્રોમાં નાયક સમાન છે.

- ૪. બિંદુથી સંયુક્ત ઓમ્‌નું યોગીઓ નિત્ય ધ્યાન કરે છે. (ધર્મ, અર્થ) કામ અને મોક્ષને આપવાવાળા ઓમ્‌ને નમસ્કાર છે, નમસ્કાર છે.

- ૫. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અને સાક્ષાત્ પરબ્રહ્મ સમાન શ્રી ગુરુદેવને નમસ્કાર છે.

  ઓમ્, બ્રહ્મસાક્ષાત્કારથી મળતા આનંદમાં, દયાથી મળતા આનંદમાં અને વિવેકથી મળતા આનંદમાં આનંદ લઈએ, આનંદ લઈએ, આનંદ લઈએ. સર્વ સિદ્ધોને નમસ્કાર છે, નમસ્કાર છે, નમસ્કાર છે.

- ૬. વામદેવને નમસ્કાર છે, જયેષ્ઠદેવને નમસ્કાર છે, શ્રેષ્ઠદેવને નમસ્કાર છે, રુદ્રદેવને નમસ્કાર છે, કાળસ્વરૂપદેવને નમસ્કાર છે, કળને તથા બળને વિખેરી નાખનાર દેવને નમસ્કાર છે, બળપૂર્વક (મનને) મથી નાખનાર તથા સર્વ ભૂતોનું દમન કરી નાખનાર બળવાન દેવને નમસ્કાર છે, મનને ઉન્મન કરી નાખનાર દેવને નમસ્કાર છે.

- ૭. હે સર્વવ્યાપક, પરમકૃપાળુ પરમાત્મા! અમે તમારું ધ્યાન ધરીએ છીએ. તમે અમારી બુદ્ધિને પ્રેરો, અમારી બુદ્ધિમાં વસો.

૮. શ્વેત કમળ ઉપર બિરાજેલા, બે નેત્ર અને બે ભુજાવાળા, વરદમૂર્તિ, અભયકર્તા, શાંતસ્વરૂપ એવા શ્રી ગુરુદેવનું તેમના નામ સહિત સ્મરણ અને ધ્યાન પ્રાતઃકાળમાં કરવું. ।।૫।।

૯. શ્રી ગુરુદેવના જમણા પગમાં સર્વ તીર્થો નિવાસ કરે છે તથા સર્વ વેદો તેમના મુખમાં રહેલા છે, તેથી એકાગ્રતાપૂર્વક તેમની પૂજા-અર્ચના કરવી. ॥૮॥

૧૦. હે દેવી! દેહમાં અહંભાવ પ્રગટ થવાથી મોટું અજ્ઞાન ઉત્પન્ન થાય છે. જેની કૃપાથી આત્માનું અનુભવપૂર્વકનું જ્ઞાન ઉત્પન્ન થાય છે, તેને 'ગુરુ' સંજ્ઞા અપાયેલી છે, અર્થાત્ તેવા મહાપુરુષને જ ગુરુ કહેવાય છે. ॥૧૫॥

૧૧. જ્યાં શ્રીગુરુદેવ નિવાસ કરે છે, ત્યાં જ શ્રી કાશીક્ષેત્ર જાણવું, શ્રી ગુરુચરણોદકને ગંગાજળ જાણવું અને શ્રી ગુરુદેવને સાક્ષાત્ શ્રી વિશ્વનાથ જાણવા, શ્રી ગુરુસાક્ષાત્ તારકબ્રહ્મ છે, એમ નિશ્ચય જાણવું. ॥૨૫॥

૧૨. 'ગુ' વર્ણ ગુણાતીતવાચક છે અર્થાત્ સત્ત્વ, રજ અને તમથી પર છે તથા 'રુ' વર્ણ રૂપાતીતવાચક છે અર્થાત્ નામ અને રૂપથી પર છે; ગુણ અને રૂપ વિનાનું જે પરમતત્ત્વ છે, તેનું 'ગુરુ' શબ્દથી વર્ણન કરાયેલું છે. ॥૩૪॥

● ૧૩. જેમના સ્મરણમાત્રથી જ્ઞાન આપોઆપ ઉત્પન્ન થાય છે, તેવા શ્રી સદ્ગુરુ જ સર્વ સંપત્તિરૂપ-સર્વરૂપ છે, તેથી શ્રી ગુરુદેવનું સારા પ્રકારે પૂજન કરવું. ॥૪૩॥

૧૪. હે સુંદર મુખવાળાં પાર્વતી! આ શરીર કૃમિ, કીટ, ભસ્મ, વિષ્ટા, દુર્ગંધી, મળ, મૂત્ર, શ્લેષ્મ, લોહી, ચામડી, માંસ વગેરેથી ભરેલું છે. (આવા ગંદા શરીરનો સદ્ઉપયોગ કર્યો ત્યારે જ કહેવાય કે જો તેનાથી સેવા-ગુરુસેવા થાય.) ॥૪૪॥

● ૧૫. જેમણે જ્ઞાનરૂપી સળીથી અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને જીવોનાં નેત્રો ઉઘાડ્યાં છે, તેવા શ્રી ગુરુદવને પ્રણામ કરું છું. ॥૪૭॥

- ૧૬. જે પરમાત્મા અખંડ મંડળમાં અને સ્થાવર-જંગમ સંસારમાં વ્યાપી રહ્યા છે, તેમના પરમપદનું દર્શન કરાવનારા શ્રી ગુરુદેવને પ્રણામ કરું છું. ॥૪૮॥

- ૧૭. જેઓ ચૈતન્ય, નિત્ય,શાંત, આકાશથી પણ પર અને નિરંજન છે તથા નાદ, બિંદુ અને કલાથી અતીત છે, એવા શ્રી ગુરુદેવને નમસ્કાર છે.॥૫૨॥

૧૮. જેમની ચેતનતાથી આ બધું ચૈતન્ય છે, જેમની ચેતનતાથી મનુષ્યના ચિત્તમાં ચેતનતા આવે છે અને જે જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ વગેરેમાં એકરસ છે, એવા શ્રી ગુરુદેવને નમસ્કાર છે.॥૫૭॥

- ૧૯. શ્રી ગુરુદેવથી વિશેષ કોઈ તત્ત્વ એટલે કે બ્રહ્મજ્ઞાન પણ નથી તેમજ તેમનાથી અધિક કોઈ તપશ્ચર્યા નથી; ગુરુતત્ત્વજ્ઞાનથી અધિક આ સંસારમાં બીજું કાંઈ નથી, એવા શ્રી ગુરુદેવને નમસ્કાર છે. ॥૬૫॥

૨૦. શ્રી ગુરુદેવ જ સર્વના આદિ-અનાદિ છે, તેમનાથી પૂર્વ કોઈ નથી. શ્રી ગુરુદેવ જ પરમદૈવત છે. ગુરુમંત્રથી શ્રેષ્ઠ બીજો કોઈ મંત્ર નથી, એવા શ્રી ગુરુદેવને નમસ્કાર છે.॥૬૭॥

- ૨૧. શ્રી ગુરુદેવની મૂર્તિનું ધ્યાન જ સર્વ ધ્યાનોનું મૂળ છે; શ્રી ગુરુદેવના ચરણકમળની પૂજા જ સર્વ પૂજાઓનું મૂળ છે; શ્રી ગુરુદેવનું વાક્ય જ સર્વ મંત્રોનું મૂળ છે અને શ્રી ગુરુદેવની કૃપા જ મુક્તિ મેળવવાનું મુખ્ય સાધન છે. ॥૭૪॥

- ૨૨. સાત સમુદ્રપર્યંત તીર્થોમાં સ્નાન કરવાથી જે ફળ મળે છે, તેથી હજાર ગણું વધુ ફળ શ્રી ગુરુદેવના ચરણામૃતના એક બિંદુનું પાન કરવાથી મળે છે. ॥૭૫॥

- ૨૩. શિવભગવાનના ક્રોધથી ગુરુ બચાવી શકે છે, પરંતુ ગુરુદેવના કોપથી કોઈ બચાવી શકતું નથી, માટે સદ્‌ગુરુ મળી જાય, તો તેમની સારી રીતે સેવા કરી તેમનો આશ્રય લેવો જોઈએ.॥૭૬॥

૨૪. જેમ ભમરો મધના લોભમાં એક પુષ્પથી બીજા પુષ્પ ઉપર ભમતો રહે છે, તેમ શિષ્ય પણ જ્ઞાનની પ્રાપ્તિ માટે શ્રી ગુરુદેવની પાછળ-પાછળ ફર્યા કરે છે.।।૭૭।।

૨૫. હે પાર્વતી! શ્રી ગુરુદેવ ત્રણ નેત્રવાળા ન હોવા છતાં તે સાક્ષાત્ શિવ છે, બે હાથવાળા હોવા છતાં તે વિષ્ણુ છે અને ચાર મુખ ન હોવા છતાં તે બ્રહ્મા છે, એમ શાસ્ત્રોમાં કહ્યું છે.।।૮૦।।

૨૬. વિવેકદૃષ્ટિવાળાઓ જ શ્રી ગુરુદેવના પરમ સ્વરૂપને જાણી શકે છે. જેમ આંધળો સૂર્યને જોઈ શકતો નથી, તેમ મંદભાગી ગુરુદેવના સાચા સ્વરૂપને જોઈ શકતા નથી.।।૮૨।।

● ૨૭. સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ, આનંદરૂપ, પરમસુખ આપનારા, કેવળ જ્ઞાનની મૂર્તિમય, સુખ-દુઃખાદિ દ્વંદ્વથી રહિત, આકાશતુલ્ય, વેદોનાં 'તત્ત્વમસી' ઈત્યાદિ મહાવાક્યોના લક્ષ્યસ્વરૂપ; એક, નિત્ય, નિર્મળ, સર્વ પ્રાણીઓની બુદ્ધિના સાક્ષીરૂપ, છ પ્રકારના વિકારોથી પર, ત્રણે ગુણોથી રહિત એવા શ્રી ગુરુદેવને હું નમસ્કાર કરું છું.।।૯૭।।

૨૮. જેટલા કલ્પ દેહ રહે ત્યાં સુધી ગુરુસ્મરણ કરતા રહેવું અને જ્ઞાન પ્રાપ્ત થઈ ગયા પછી પણ, તથા ગુરુ શિક્ષા કરે તોપણ ગુરુઆજ્ઞાનો લોપ ન કરવો, તે શિષ્યનું કર્તવ્ય છે.।।૧૧૭।।

૨૯. જે શિષ્ય ગુરુની સામે હુંકાર-તુંકારથી બોલે છે કે તેમની જોડે વાદવિવાદ કરે છે, તે નિર્જળ વનમાં બ્રહ્મરાક્ષસ થાય છે.।।૧૧૯।।

૩૦. ગુરુનો આપણા ઉપર પ્રેમ હોવાથી અથવા પ્રમાદથી ઉન્મત્ત થઈને ગુરુદેવના કાર્યનું ઉલ્લંઘન કરવું નહીં તથા તેઓની આજ્ઞા સિવાય નવું કામ કરવું નહીં તથા તેમને પ્રણામ કર્યા સિવાય તેમની પાસેથી ઊઠવું કે બેસવું નહીં.।।૧૨૦।।

૩૧. ગુરુના આશ્રમમાં કદી અપેય પીવું નહીં, ખરાબ વર્તન કરવું નહીં તથા ગુરુદેવની આજ્ઞા સિવાય કોઈને દીક્ષા આપવી નહીં તથા વ્યાખ્યાન અને આપવડાઈ કરવાં નહીં.॥૧૨૧॥

૩૨. ગુરુની સામે પલંગ ઉપર બેસવું નહીં, પગ લાંબા કરીને બેસવું નહીં, કોઈ પ્રકારના ભોગાદિ ભોગવવા નહીં તથા કોઈની મશ્કરી કરવી નહીં.॥૧૨૨॥

૩૩. ગુરુનાં યોગ્ય-અયોગ્ય કહેલાં વચનોનું ઉલ્લંઘન કરવું નહીં, હરહંમેશ તેમની આજ્ઞાનું પાલન કરીને દાસની માફક રહેવું. ॥૧૨૩॥

૩૪. પ્રાણ જાય તોપણ ગુરુદેવના દ્રવ્યનો તેમના આપ્યા સિવાય કદી ઉપયોગ કરવો નહીં અને તેઓ જે કાંઈ આપે તે ગરીબની માફક સ્વીકારવું. ॥૧૨૪॥

૩૫. જે વસ્તુનો ગુરુદેવે ઉપયોગ કર્યો હોય એવી ચાખડી, આસન, શૈય્યા તથા સમસ્ત વસ્તુઓને શિષ્યે નમસ્કાર કરવા, તે વસ્તુઓને કદી પગ અડકાડવા નહીં.॥૧૨૫॥

૩૬. ગુરુદેવ ચાલતા હોય, ત્યારે તેમની પાછળ ચાલવું, તેમની છાયાને ઓળંગવી નહીં, અસભ્ય વેશ રાખવો નહીં તથા ઘરેણાંની ટાપટીપ કરવી નહીં.॥૧૨૬॥

૩૭. ગુરુદેવની નિંદા થતી હોય તો ત્યાંથી ચાલ્યા જવું અથવા સૂઈ જવું અથવા જો શક્તિમાન હોઈએ, તો નિંદા કરનારની જીભ કાપી નાખવી. એટલે કે નિંદા કરનારની સામે એવી દલીલો કરવી કે જેથી તે બોલતો બંધ થઈ જાય. પરંતુ કદી પણ ગુરુદેવની નિંદા સાંભળવી નહીં.॥૧૨૭॥

૩૮. ગુરુદેવ પાસેથી મળેલો પ્રસાદ કોઈને આપવો નહીં. કદી તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહીં. 'ગુરુપ્રસાદ' સિવાય બીજી વસ્તુ અંગીકાર કરવી નહીં.॥૧૨૮॥

૩૯. હે પાર્વતી! શ્રુતિઓ અને સ્મૃતિઓનાં વાક્યોમાં 'ગુરુ' એ બે અક્ષરવાળો મહામંત્ર છે અને ગુરુ એ સાક્ષાત્ પરમપદ અર્થાત્ મોક્ષ છે.॥૧૩૩॥

૪૦. જેઓ માન, સન્માન, પૂજા વગેરે માટે દંડ અને ભગવાં વસ્ત્રો ધારણ કરે છે, તેઓ ખરા સંન્યાસી નથી; જેઓ જ્ઞાનમાં તત્પર છે, તેઓ જ ખરા સંન્યાસી છે.॥૧૩૪॥

૪૧. જેમણે શ્રી ગુરુનાં ચરણોની સેવા કરીને 'તત્ત્વમસ્યાદિ' મહાવાક્યોને જાણ્યાં હોય- સમજ્યાં હોય, તેઓ જ ખરા સંન્યાસી છે, બીજા તો માત્ર વેષધારી છે.॥૧૩૫॥

૪૨. હે પાર્વતી ! જે અગોચર, અગમ્ય, નામ-રૂપ રહિત છે તથા શબ્દોથી સમજાવી શકાય તેવું નથી, તેને બ્રહ્મ કહ્યું છે.॥૧૪૫॥

૪૩. જેવી રીતે કપૂર, પુષ્પ વગેરેમાં સુગંધ સ્વભાવથી જ રહે છે, શરદી-ગરમી પણ સ્વાભાવિક જ છે, તેવી જ રીતે બ્રહ્મ સ્વભાવથી જ શાશ્વત-સ્થિત છે.॥૧૪૬॥

૪૪. જેવી રીતે કુંડળ, કંકણ વગેરેમાં સોનું સ્વાભાવિક છે, તેવી જ રીતે સર્વમાં બ્રહ્મ સદા સ્વભાવથી જ સ્થિત છે.॥૧૪૭॥

૪૫. જે એકલા, નિઃસ્પૃહ, શાંત, ચિંતા અને ઈર્ષાથી રહિત થઈને બાળકભાવથી વિચરે છે, તે 'બ્રહ્મજ્ઞાની' કહેવાય છે. ॥૧૫૬॥

૪૬. જે સુખ વીતરાગી, એકાંતવાસી મહાત્માને મળે છે તેવું સુખ ઈન્દ્ર કે ચક્રવર્તી સમ્રાટને પણ મળતું નથી.॥૧૫૯॥

૪૭. અવ્યક્તનું આહ્વાહન, વ્યાપકનું વિસર્જન, મૂર્તિ રહિતની પૂજા તથા નિરામય-નિરાકારનું ધ્યાન થઈ શકે નહિ.॥૧૬૩॥

૪૮. પ્રાપ્ત થાય કે ન થાય, પ્રાપ્ત બહુ થાય કે થોડું થાય તેનો ઉપભોગ નિષ્કામભાવે કરે છે તથા સદા સંતુષ્ટ રહે છે, તે બ્રહ્મરૂપ જ છે.॥૧૬૭॥

૪૯. ‘સર્વજ્ઞ’ પદને પ્રાપ્ત થયેલા મહાત્મા દેહભાવ રહિત, નિત્ય આનંદસ્વરૂપ, અખંડ, શાંતભાવે લોકોપકારને માટે અહીંતહીં ફરતા રહે છે.॥૧૬૮॥

૫૦. તેઓ જ્યાં નિવાસ કરે છે, તે દેશ મહા પવિત્ર-પુણ્યશાળી છે. હે દેવી! આ પ્રમાણે તમારા આગળ મુક્ત પુરુષોનાં લક્ષણોનું વર્ણન કર્યું.॥૧૬૯॥

૫૧. હે પાર્વતી! મનુષ્ય ભલે ચાર વેદો, વેદોનાં છ અંગો તથા બીજાં સર્વ શાસ્ત્રો અને વેદાંત આદિ ભણે તોપણ ગુરુ વિના આત્મજ્ઞાન થતું નથી.॥૧૭૨॥

૫૨. સર્વ સંદેહોને દૂર કરીને તથા સમસ્ત સત્‌શાસ્ત્રોનો અભિપ્રાય એકત્ર કરીને જે ‘ગુપ્તજ્ઞાન’ બતાવે છે, તેવા ઈશ્વરસ્વરૂપ ગુરુદેવનું હું નિત્ય ભજન કરું છું.॥૧૭૩॥

૫૩. હે પાર્વતી! જે વસ્તુ ગુરુદેવને અર્પણ થાય છે, તેમાં હું સંતોષ પામું છું. શ્રી ગુરુદેવની ‘પાવડી’ તેમની આપેલી ‘મુદ્રા’ અને તેમનો આપેલો ‘મૂળ મંત્ર’ શિષ્યે ગુપ્ત રાખવાં જોઈએ.॥૧૮૩॥

૫૪. હે દેવી! જે મનુષ્યમાં ગુરુભક્તિ હોય તેનાં માતાને, પિતાને તથા ગોત્રને ધન્ય છે; ત્યાંની પૃથ્વી પણ ધન્ય છે.॥૨૩૨॥

૫૫. હે દેવી! કલ્પપર્યંતનાં કે કરોડો જન્મોનાં યજ્ઞ-વ્રત-તપ અને બીજી શાસ્ત્રોક્ત ક્રિયાઓ એ સર્વ માત્ર એકલા ગુરુને સંતોષ આપવાથી સફળ થાય છે.॥૨૩૩॥

૫૬. શિષ્યનું દ્રવ્ય હરણ કરનારા ગુરુઓ તો ઘણા હોય છે, પણ શિષ્યોના હૃદયના તાપને દૂર કરનારા અતિ અલ્પ હોય છે.॥૨૪૩॥

૫૭. પરમ આનંદરૂપ તથા આનંદરૂપ દેહવાળા ગુરુને હું પ્રણામ કરું છું, જેમના કેવળ સાંનિધ્યમાત્રથી જ મન ચૈતન્યરૂપ તથા આનંદરૂપ થઈ જાય છે.॥૨૬૧॥

૫૮. એકાક્ષર બતાવનારા ગુરુને જે નથી માનતો, તે સો વાર શ્વાનયોનિ ભોગવીને પછી ચંડાળને ત્યાં જન્મે છે.।।૨૬૮।।

૫૯. સંસારમાં સાત કરોડ મહામંત્રો પ્રચલિત છે, પણ તે સર્વ ચિત્તમાં વિભ્રમ ઉત્પન્ન કરનારા છે; સર્વથી શ્રેષ્ઠ તો બે અક્ષરવાળો 'ગુરુ'મંત્ર જ છે.।।૨૭૨।।

# યોગભિક્ષુજીની પ્રેરણાદાયી રચનાઓ

## તેરી જય ગાયે

૧. જન-મન-તન કે, ઓ અધિનાયક, તેરી જય ગાયે;
'પરસ્પર દેવોભવ' શિખલાયા, વિશ્વ સુયશ ગાયે.

૨. જીવન-શુદ્ધિ મેં, બ્રહ્મ બતાયા, ભ્રમણા-ભૂત ભાગે;
'સહજયોગ,' પ્રદાન સહજ કર, સુપ્ત શક્તિ જાગે.

૩. વિશ્વ મનુજ કે, કલ્યાણ કે હિત, ઘૂમે ભાગે-ભાગે;
લક્ષ્મી આઈ, વર દેને કો, અભાગે નવ જાગે.

૪. લોભી-લાલચુ, નિત્યાનંદકો, મુફ્ત મેં હી માંગે;
મુક્ત, મુફ્ત આનંદ કો બાંટે, ક્યોં ભટકે ભાગે?

૫. રિદ્ધિસિદ્ધિ કે, ઓ અધિદાયક! 'યોગભિક્ષુ' માંગે;
'સાધક-જન કે ઓ વિધિનાયક! ચિતિ સભી ધ્યાવે.'

## ઓમ્-ધ્વનિમાં ક્યોં નિકલી?

૧. ઓમ્ધ્વનિ-ધારા નિકલી, મા ઓમ્ધ્વનિ ધારા નિકલી,
ઓમ્ધ્વનિ-ધારા નિકલી, ઓમ્કાર-ધ્વનિ ધારા નિકલી.

૨. ઓમ્ધ્વનિ મા ક્યોં નિકલી? ઓમ્કાર-ધ્વનિ કૈસે નિકલી?
ધારા-ધ્વનિ મા ક્યોં નિકલી? ઓમ્કાર-ધ્વનિ કૈસે નિકલી?

૩. ઓમ્ધ્વનિમાં યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી. (ધ્રુવ)
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલ.

૪. સિદ્ધોં કી જ્યોં સેવ્યા નિકલી, બુદ્ધોં કી જ્યોં દિવ્યા નિકલી,
મુક્તોં કો 'વાહ'! કહને નિકલી, ગિરતોં કો 'બાંહ' દેને નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

૫. ભીરુ કો થર્રાતી નિકલી, વીરોં કો હર્ષાતી નિકલી,
પૂરબ સે વહ તો થી નિકલી, પશ્ચિમ કો જાને કો નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

૬. 'ભિક્ષુ' કે ભાવોં સે નિકલી, તિતિક્ષુ ગાંવોં સે નિકલી,
ભૂખોં કી અન્નપૂર્ણા નિકલી, મુખોં સે રસપૂર્ણા નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

૭. મુક્તિ મેં લે જાને નિકલી, ભુક્તિ કો દેને કો નિકલી,
શુક્તિ જ્યોં મોતી કી નિકલી, યુક્તિ શ્રી પાને કો નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

૮. શુંભોં કો પટકકર નિકલી, મુંડોં કો ઝટકકર નિકલી,
ચુંડોં કો ચટ ખાને નિકલી, દંભોં સે ડટ જાને નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

૯. *શિવામ્બુ જટા સે નિકલી, સ્વયંભૂ છટા સે નિકલી,
દ્વિપ જંબુ સે હંસતી નિકલી, શિવશંભુ સહ ભૂતિ નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

૧૦. મુક્તકેશી વટવાલી નિકલી, સુકેશી તટવાલી નિકલી,
અવિચલી પટવાલી નિકલી, મચલી મા મતવાલી નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

૧૧. સ્પર્શમણિ કી પ્યાલી નિકલી, કલ્પવૃક્ષ સે ડાલી નિકલી,
ઋતંભરા સે થાલી નિકલી, દિગંબરા કી પાલી નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

૧૨. દૂષણ દાબને વાલી નિકલી, ભૂષણ નાપને વાલી નિકલી,
બંધન કાટને વાલી નિકલી, અજપા જપને વાલી નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

૧૩. નેતિ-નેતિ લહરાતી નિકલી, બ્રહ્માંડોં કો છાતી નિકલી,
ભાતિ-ચિતિ-થાતી નિકલી, ધ્વનિ-મહિમા ગાતી નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

૧૪. પ્રણવપ્રભુ કી પ્યારી નિકલી, ઓમ્વિભુ કી ન્યારી નિકલી,
'યોગભિક્ષુ'-ઉપાસી નિકલી, 'ધર્મમેઘ'-નિવાસી નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

૧૫. ગાયત્રી જપધારા નિકલી, ત્રિપુરસુંદરી બાલા નિકલી,
મહાવિદ્યા કી તારા નિકલી, વાગીશ્વરી વરધારા નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

૧૬. 'કોહમ્' પ્રશ્ન પૂછતી નિકલી, 'સોહમ્' ઉત્તર દેતી નિકલી,
અનહદ કી મદમાતી નિકલી, બેહદકી રખવાલી નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

૧૭. જગ કો બસ મેં લાતી નિકલી, નભ પર મંડરાતી નિકલી,
નદ સે ચક્કર ખાતી નિકલી, તલ સે ઊભરાતી નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

★ શિવજટાસે વિશ્વકલ્યાણ કે લિયે જો ગંગાધારા નિકલી થી ઊસીકો હી યહાં 'શિવામ્બુ' કહા હૈ. ઉસ ગંગાજલ સે હી વિશ્વ કા કલ્યાણ હુઆ અતઃ વહી સચ્ચા શિવામ્બુ અર્થાત્ કલ્યાણકારી જલ હૈ.

૧૮. ગુંજારકર કણ-કણ સે નિકલી, હુંકાર બન જન-જનસે નિકલી,
શ્રૃંગાર કર સજધજકર નિકલી, ઉદ્ધાર કર વર દેકર નિકલી;
ઓમ્ધ્વનિ મા યોં નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

૧૯. ઓમ્ધ્વનિ-ધારા નિકલી મા, ઓમ્ધ્વનિ-ધારા નિકલી,
ઓમ્ધ્વનિ-ધારા નિકલી, ઓમ્કાર-ધ્વનિધારા નિકલી;
ઓમ્ધ્વનિ મા યો નિકલી, ઓમ્કાર-ધ્વનિ ઐસે નિકલી.

## : ચિનગારી :

૧. ઓ જ્વાલા કી ચિનગારી, તૂ અપને આપ કો તો પહચાન!
તુઝ મેં હી તો ભરા હુઆ હૈ, ક્રોડોં લપટોં કા તૂફાન!

૨. ઉન લપટોં કી આન-બાન સે, કૌન રહા નિર્લિપ્ત?
ઉન હી કી તો ભૂમંડલ મેં, દીપ્તિ રહી હૈ દીપ્ત!

૩. જ્વાલા કા અસ્તિત્વ તભી - જબ, ચિનગારીરૂપ હો સ્વીકાર;
નહીં તો વહ સ્વીકૃત કરતી હૈ, સબ કે આગે હાર.

૪. અતઃ ચિનગારી કુછ ભી નહીં, ફિર ભી તો સબ કુછ!
જ્વાલા ચાહે સમજે ઉસકો, ભલે તુચ્છાતિતુચ્છ.

૫. ચિનગારી રહને સે હી તો, જ્વાલા હો સકતી 'જ્વાલા';
વરના ઉસકો જ્વાલા કા રૂપ, દે સકતા થા કૌન બલા?

૬. સનાતનતા કા દાવા હૈ કિ - ચિનગારિયાં મિટ-મિટ કર;
જ્વાલા ઔર પ્રજ્વાલા કો, કરતી હૈ અજર, અમર.

૭. પર ક્યા ભૂમંડલ મેં ઐસા, હૈ કોઈ 'ભિક્ષુ' માઈ કા?
હિસાબ માંગે ઉસસે જાકર, વરસોં કી પાઈ-પાઈ કા?

૯. પર કોઈ ઐસા ક્યોં કરે? જબ, ચિનગારી ખામોશ રહે;
ઈસ દુનિયા મેં કોઈ કિસી કે, લિએ ક્યોં કુછ ભી સહે?

## : એક કરની ભલી :

૧. 'કહી' કહી તો, કહા લોગોં ને, 'યહ તો તુમને 'કહી' કહી';
કહી 'અપની' તો, કહા લોગોં ને, 'યહ તો ઉસને 'અપની' કહી'.

૨. 'કહી' ન કહી, ન 'અપની' કહી, તો કહે લોગ 'કુછ જાને નહીં';
'મેરી-તેરી-ઉસકી કહી' સે, જબ કિસીને ઉપર કી કહી.

૩. તબ ભી મિલકર, કહા લોગોં ને, 'યહ તો અષ્ટાવક્રી કહી';
અતઃ કહી 'યોગભિક્ષુ'ને, 'જિતની ભી કહી સબ વ્યર્થ ગઈ.'

૪. 'વ્યર્થ ગઈ' ઐસા કહકર ભી, બિના કહે 'કહી' ન રહી!
યેન-કેન પ્રકારેણ, કહને કી આદત ન ગઈ!

૫. અનંત કહી કા મૂલ્ય હી ક્યા? યદિ વહ 'કહી' હી રહી;
અનંત ઐસી કહી સે તો, કલ્યાણ કી એક કરની ભલી!

## : તૂને કૈસા ચમત્કાર કિયા :

(ગઝલ કવ્વાલી)

ખ્યાલ સે વિશ્વ કા ખેલ રચા, પ્રભુ તૂને કૈસા ચમત્કાર કિયા! (ટેક)

૧. કાગજ, કલમ ઔર રંગ બિના, તૂને કી રચના સભી મૂરત કી;
એક સૂરત હૈ સભી મૂરત મેં, તૂને અનેક દિખાઈ દિયા.
- ખ્યાલ સે.

૨. તત્ત્વ સે દેહ બની સબ કી, ફિર ભી માનવ, દાનવ, દેવ જુદા;
સભી જીવોં કે હૃદયમંદિર મેં, તૂને હરદમ હમેશા વાસ કિયા.
- ખ્યાલ સે.

૩. વિશ્વ કો ઔર ચરાચર કો, તૂ ધાર રહા આધાર બિના;
બિના ભૂમિ મનોહારી કી રચના, બિના કારણ કે કાર્ય રહસ્ય રહા.
- ખ્યાલ સે.

૪. લોગોં કે સંગ મેં નિત્ય રહે, ઔર હૈ સબસે તૂ અસંગ સદા;
'યોગભિક્ષુ' આનંદ મેં ઝૂમ રહા, ગુરુદેવ અદૃષ્ટ કો દૃષ્ટ કિયા.
- ખ્યાલ સે.

## : ઔરોં કા નામ રટા ન રટા :

(ગઝલ કવ્વાલી)

નામ રટા પ્રભુ કા જિસને, ઉસને ઔરોં કા નામ રટા ન રટા. (ટેક)

૧. વિશ્વ સમસ્ત કે જીવ સભી કો, અપને પ્રાણોં કે સમાન જાના સદા;
સબ કે પરિપોષણ કા નેમ રખા, ઉસને બ્રાહ્મણ કો દાન દિયા ન દિયા.

૨. સત્સંગકથા અપને ઘર મેં, જો મિલકર દિન ઔર રાત કરે;
ગુરુ-સંતોં કા ગુણાનુવાદ કિયા, ઉસને તીરથ-જલ પિયા ન પિયા.

૩. તન-મન-ધન સે કાર્ય કરે, પરમારથ કે સર્વદા હી સદા;
વિશ્વ મેં ફૈલ ગઈ કીર્તિ, વહ કાલ અધિક જિયા ન જિયા.

૪. ગુરુ-સંત કે ચરણ મેં બૈઠ સદા, જિસને મસ્તી મેં મસ્તાના હોકર;
'ભિક્ષુ' કે ભજન કા ગાન કિયા, ઉસને ભવસાગર કો પાર કિયા.

## : ગુરુરામ ક્યા કરે ? :

(રેખતા - તાલ દાદરા)

૧. હમ હૈ નહીં સાવધાન, તો ગુરુરામ ક્યા કરે ?
નિજ રૂપ કા નહીં જ્ઞાન, તો પુરાણ ક્યા કરે ?

૨. પ્રકાશ પરબ્રહ્મ કા, સબ ઘટ વિલસ રહા;
'તૂ-મૈં' મિટા નહીં, તો ધ્યાન ક્યા કરે ?

૩. રચના જગત કી દેખકે, જ્ઞાની બડે થકે;
પાર પાના હૈ કઠિન, નાદાન ગર્વ કરે.

૪. મિલી કૃપા, કૃપાલુ કી, મનુષ્યતન મિલા;
ફિર ભી ન કરે ભજન, તો ભગવાન ક્યોં કહે ?

૫. સબ વિશ્વ કે હર જીવ મેં, જિસે નહીં દયા;
'ભિક્ષુ'ફિર પુણ્ય-દાન, નિયમ ક્યા ફલે ?

## : જટા રખાઓ :

૧. જટા રખાઓ, ભસ્મ રમાઓ, ચાહે કંદમૂલ-ફલ ખાઓ;
માલા, કંઠી, કફની પહનો, ફિર ભી મુક્તિ નહીં પાઓ.

૨. સૂર્ય, ચંદ્ર, કોટિ સિતારે, મિલકર કરે સભી ઉજિયારો;
ગુરુ બિન હોગા, ઘોર અંધેરા; દરશન પ્રભુ કે નહીં પાઓ.

૩. સકલ જગત મેં સુના મૈંને; રૂપ ઈશ્વર કા પરિપૂરન;
દેખૂં ન જબ તક, મૈં ઈશ્વર કો; કૈસે છૂટે મેરે ભરમ?

૪. સાધુ-સંતોં કી, સંગત કરકે; તર જાઉં ભવસાગર કો;
દુનિયા લૂટે, મૌજ વિષય મેં, ભાસે વિષ, વિષય મુઝકો.

૫. પ્રભુધ્યાન કી, લગી લગન; લાલચ ભોગોં સે છૂટ ગયા;
ગુરુજી ને પાપ કી મટકી ઝટકી; 'યોગભિક્ષુ'ને ચૂર કિયા.
જટા રખાઓ, ભસ્મ રમાઓ, ચાહે કંદમૂલ-ફલ ખાઓ;
માલા, કંઠી, કફની પહનો, ફિર ભી મુક્તિ નહિ પાઓ.

## : આનંદની હેલી :

ચડી આજ આનંદની હેલી, ગુરુજીની પૂજા કરું કેવી ? (ધ્રુવ)
ચડી આજ આનંદની હેલી, ગુરુજીની પૂજા કરું કેવી ? (ધ્રુવ)

૧. પ્રેમવર્ષાના ટૂટી પડ્યા આજે, અમ પર બારે મેઘ;
મન-મયૂર મારો, નાચીને બોલે, 'બસ, બસ, બસ ગુરુદેવ.' ચડી...

૨. યુગ-યુગના અમે ભૂખ્યા ને તરસ્યા, મિલન-વિયોગે ભરપૂર;
સામે ઊભા તોય યોજનો ભાસતા, આજે અદ્વૈતે ચકચૂર. ચડી...

૩. યોગી, તપસ્વી, જ્ઞાની મથ્યા, સુકાવી નાખી કાયા;
ગુરુ-પ્રસાદે, પ્રગટ્યા અમમાં, ટૂટી કાયાની માયા... ચડી...

૪. જબ રઘુનાથજી કૃપા કરે તો, 'ખડી-ખડી હલાવે કાન';
એ અનુભવ્યું 'કૃપા બતાવે, પલમાં પ્રભુ સાક્ષાત્'... ચડી...

૫. તન-મન-ધન તો, અર્પિત હતાં પણ, રાખી મૂક્યાં'તાં સ્વમાન;
માન-મર્યાદા-ઝેર, ચૂસ્યાં માયાનાં, વસ્ત્રો ઉતારી તમામ... ચડી...

૬. અમે 'ભિક્ષુ' છીએ, દાતા ગુરુ તમે, આપો કૃપાનાં દાન;
પારસમણિ જો, સ્પર્શે લોઢાને, થાય લોઢું સોના સમાન... ચડી...

૭. જે-જે માંગ્યું તે-તે, આપ્યું પ્રભુ તમે, અમ-મનની પૂરી આશ;
અમો કંજૂસને સંતોષ નથી હજુ, કદીયે ન કરશો નિરાશ.. ચડી...

૮. અરજી કીધી'તી લૂખી રોટીની, વર્ષો વીત્યાં અનેક;
હૃદયના નાથે, મંજૂર કીધી, ઘેબર, જલેબી ને સેવ... ચડી...

૯. શોક સમાણાને, મોક્ષ પમાણાને, ભોગના ભુક્કા થયા;
કહે 'યોગભિક્ષુ' ઓમ્ ગુરુચરણે, બિંદુ મહાસાગર થયા... ચડી...

## : સજો કેસરિયા :

૧. હરિ! કરી ખરી તમે! કુંડલી જગાડી કુંડલિયાથી;
તન-મન-પ્રાણથી, ઊર્ધ્વ પહોંચાડે, તે તો શક્તિપાત નક્કી.

૨. પ્રણવની ઝોળી, મુક્ત મૂકીને, ઊભો યોગભિક્ષુ હજી;
પ્રણવ-ઝબોળી, મુક્તિ પીરસી, હાક દીએ છે અતિ પ્યારથી.

૩. યુવા, વદ્ધો ઊભા શું ઉંમરે, ભાઈઓ, બહેનો ફાળ ભરો;
સમય ન કોઈની રાહ જુએ છે, પ્રણવ તણો હુંકાર કરો.

૪. ત્યાગી-રાગી, ધનિક-ગરીબ સૌ, ભ્રમણાનો ભંગાર તજો;
હવે તો હદ થઈ, ઓ બ્રહ્મચારી! પ્રણવ તણો ટંકાર કરો.

૫. પ્રણવ-જ્ઞાન વિણ, નથી દેખાતાં, શું તમને ભેંકાર ધરો?
ચમત્કારના લપસણિયે, સંસાર બન્યો વિષૈલો ધરો!

૬. હસો, કૂદો ને નાચો ભલે, અને ભલે થૈકાર કરો;
(પણ)બોંતેર કોટિ રૂંવે-રૂંવેથી, જય-જય-જય ઓમ્‌કાર કરો.

૭. કેસરી છો, સજો કેસરિયા, 'ઓમ્‌ગુરુઓમ્‌' રણકાર કરો;
ગુરુ-નાવમાં પ્રણવ, હલેસે, 'યોગભિક્ષુ' કહે સૌ પાર જજો.

## : દિવ્યાંજલિ :

૧. આપ સમર્પણે સનાથ હતા, કરતા'તા ગગને સ્વૈરવિહાર;
મોક્ષે વસેલા દિવ્યાત્માઓ! સુણજો રે અહીંનાના હાલ-

૨. એક સમે, મહાગગને ઘૂમતો, મસ્તીભર્યો મહા ખગરાજ;
કાળ-કૃપાણ, વીંઝાણી તે પર, મહા નિર્દયી ન્યાય-યમરાજ.

૩. પાંખ કપાણી, શોણિત ટપકે, ભૂમિ પટકાયો ગરુડરાજ;
ચંચુ ભંગ થઈ, ગ્રીવા મરડાઈ ગઈ, ઓ મા! ઓ મા કરે પોકાર.

૪. પોકાર સુણી, નદી-ગગન રોવે, તરુવર રોવે સૌ દઈ સાથ;
દિશાના દિગ્પાળ રોવે સૌ, ભેટે પરસ્પર ભરી-ભરી બાથ.

૫. એ જ દશા છે, આજ અમારી, લૂછી અશ્રુ કોણ મૂકે શિર હાથ?
નયન ચૂએ, ઉર ચરણે ધૂએ, ધોવાતાં લાગે મુજ અણદીઠ પાપ.

૬. એક પાંખથી હવે તું ઊડજે, આત્મ-ઊર્મિઓ ઝીલજે ન ચૂકજે;
નારાયણ 'મુક્તા'ફળ રળજે, ગ્રહી શરણ ગુરુનાથ.

૭. સત્યગુરુદેવનું શાસન શિર પર, રૂંવે-રૂંવે ગુરુમહારાજ;
નિત્યાનિત્ય વિવેક સમજાવી, ધર્મગુરુદેવ કરે ઉદ્ધાર.

૮. આંસુથી ભીંજેલ છે, આ શબ્દ હૃદય સોંસરવા;
કાળજું કોરીને ભાવ, ધસમસે બહાર નીકળવા.

૯. ખમ્મા! કહ્યું રોકાવ, તો આંસુ લોહીનાં પડ્યાં;
'યોગભિક્ષુ' લાચાર! આંખો ઉપર લોહ જડ્યા.

## : હરિ-વિયોગી :

૧. નથી મળવું રે, નથી મળવું રે, મારે વિયોગ યુગોનો મેળવાય;
એવું મિલન શું કરવું રે, જે ક્ષણિક પલમાં વીતી જાય?

૨. ઓ સત્યલોકના પ્રભુ! સાંભળ્યું 'તું મળવો નહિ સહેલ;'
એ અમ પર આશિષ ઊતરી, ઊતરી અમ પર મહેર.

૩. હૃદય મારું ભલે બળતું રે, એ દીર્ઘ સમય ભોગવાય;
આશ-નિરાશના, તાણા-વાણામાં ભલે, વર્ષો ઘણાં વીતી જાય.

૪. મિલનસુખ તો પળ એકનું છે, વિયોગસુખ ચિરંજીવ;
સો, હજાર, લાખ છોડીને, કહો કોણ લે દસ-વીસ ?

૫. મારે ભમવું રે, ભલે ભમવું રે, દુઃખી ઊર્મિઓ, પોસાય;
અમે જીવ ને તમે શિવ છો તોય, જોજો મુખડાં કોનાં મૂરઝાય.

૬. આજ ભલે 'ભિક્ષુ' રહ્યો, વિયોગે ઝૂરતો નાચીઝ;
જીવેજીવમાં પ્રગટાવું પ્રભુ, તો કહેજો 'મેળવી આશિષ'.

## : ભાવોદ્રેક :

૧. આશિષ પામું, તમને જ ધ્યાઉં,
વિકાર વિરામું, દયાળુ જુગતંબે;

૨. શરણમાં લેજો, વરદ હસ્ત રહેજો,
કટુ સત્ય કહેજો, ન પપલાવજો અંબે.

૩. નિર્મલ મતિ દેજો, ભાવ ન દૂજો,
ચાહું ત્યાં હોજો, સર્વવ્યાપિની અંબે;

૪. શક્તિ તું શિવ છે, જીવમાંય શિવ છે,
શબમાંય શિવને, પ્રબોધે શિવાંબે.

૫. દયા તારી તું પર, આરાધું ન અવર,
દેખું વક્ર ભમ્મર, તો કયું શિવાંગ.

૬. તું છે પ્રણવમાં, છે તારામાં પ્રણવ,
અજ્ઞાનીને લડવા, જુદાના જાદુ છે.

૭. શક્તિ નામે નારી, ને શિવ નામે નર છે,
પણ બંનેથી અવર, એ તત્ત્વ તો પર છે;

૮. પરતત્ત્વને પામવા, ભજવા શ્રી ગુરુનાથ,
વલખાં માર્યે નવ મળે, ન વેચાય દુકાન-હાટ.
'યોગ'-ભિક્ષા લાવિયો, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.'

## : કાયર નરથી નેડલો :

૧. કાયર નરથી નેડલો ના, કરીએ કોઈ કાળે રે;
શૂરવીરનો એ સાજ સજે, પણ ઘેટાંથી ગભરાયે રે.

૨. કાયર નર તો સદાય બાંધે, બેધારી તલવાર રે,
એક ધારથી મિત્રને વાઢે, પોતે બીજીથી વઢાય રે.

૩. શિયાળ-બગની મહેમાનગતિ, છે જગમાં જાહેર રે;
ઘેંશ-છાછ પણ ખાવા ન આપે, કરાવે લીલાલહેર રે!

૪. હરિશ્ચંદ્રનો પાઠ જ ભજવે, ખોટપ અંગેઅંગમાં રે;
પારકે પૈસે જશ મળે તો, ખરો આવી જાય રંગમાં રે.

૫. એના લોભને થોભ નહિ ને, લોભ ઉતારે એને જંગમાં રે;
અભય માણસથી ડરી-ડરી ચાલે, સભયને રાખે સંગમાં રે.

૬. 'મોટો ભા' થવા મહેમાન નોંતરે, આવ્યે મહેમાન સંતાય રે;
'ભૂખ્યો કાઢ્યો મહેમાનને', એમ કહી હરખાય રે.

૭. ગુરુ-સંતો ચેતાવે સૌને, ચેતી જજો વહાલા ભાઈ રે;
નમે 'યોગભિક્ષુ' ઓમ્‌ગુરુ-ચરણે, કપાળે ચોડશો ના સ્યાહી રે.

## : ગુરુ-નિંદા ન સુણવી :

૧. બ્રાહ્મણ, સંત, ગુરુદેવની, નિંદા ન સુણવી નિદાન;
ચૂકે, પ્રમાદવશ સાંભળે, તો નિશ્ચે લટકે સ્મશાન.

૨. સ્મશાને લટકી રહે, રૂંવ-રૂંવે ઊઠે આગ;
પ્રણવ-શરણ વિણ એહનો, વડો ન બીજો રાહ,

૩. મુકાબલે ન ફાવીએ, તો છોડી દઈ તે સ્થાન;
કાયરતા બેસવા કહે, તો બંધ કરવા બેઉ કાન.

૪. કાન ખૂલે કીડા પડે, ઊતરે કાળજા માંય;
ત્રણ જન્મ આંતર સડે, ભલે દિવ્ય ઔષધિ ખાય.

૫. પ્રથમ જન્મ પિતા-શરીરે, લાચાર નિરાધાર;
બીજે માતા-ઉદરવસી, સહે ધખધખતી આગ.

૬. આગ સહે અંગેઅંગમાં, છટપટે છૂટવા જીવ;
પ્રભુ-પ્રભુ! રટતો રહે, એનો આધાર એક જ શિવ.

૭. ત્રીજા જન્મે શરીર ધરી, રૂડાં પામે અંગ-ઉપાંગો;
છ વિકાર ઘેરી વળે, 'ધૂણી-ધૂણીને રૂપો'.

૮. રૂપોથી છેતરાતો રહે, છીપે ન મૃગજળ પ્યાસ;
તોયે ગર્વે ગાજતો રહે, કોણ પહોંચાડે પ્રભુ પાસ?

૯. નાસ્તિક પૂરો, ચડસુ શૂરો; લોભી, લાલચુ, ચકચૂર;
સત્ય-ધર્મ નવ જાણે અદેખો, સમાન ધૂળ-ખજૂર.

૧૦. ખજૂરરૂપ પ્રભુ પામવા, મથે ન ઢોંગી અકર્મી;
ભૂંડ જેમ ભટકે, અટકે વિષય ખીલામાં અધર્મી.

૧૧. વિષયે છોડ્યો, ઇન્દ્રિયે શોષ્યો, થયો ખોખરી હાંડી;
સંપત્તિ-સુખનાં સગાં-સ્નેહી, રોતો મૂકી ગયાં છાંડી.

૧૨. ભાગી ગયા સૌ ભાંગીને, શઠ દેખે યમરાજ;
પગ પટકે, બાલ પીંખે, કહે મુજબ રાખો લાજ.

૧૩. લાજ રાખશે એ સમે, જરૂર સદ્ગુરુનાથ;
'યોગભિક્ષુ' પર કૃપા કરી, માથે મૂકશે હાથ.

૧૪. હાથમાં હાથ સોંપીને, બની જજે નિશ્ચિત;
સત્ય-ધર્મ વિણ સ્વાર્થી જગમાં, નહિ બીજો હિત-મિત.

## : ભક્તશ્રી પ્રાણભાને પત્ર :

૧. સંતોના 'પ્રાણ' તમે, ભક્તોના ત્રાણ તમે, અનંતની ઓળખાણ;
નથી તને હાણ હવે, પામ્યો અમૃત-ખાણ, ઉદય પામ્યો ઘરે નારાયણ.

૨. માત તારાં તાત ધન્ય, દિવસ ને રાત ધન્ય, ધન્ય છે ગામ ને ગરાસ;
ગુણી ધન્ય, ધૂણી ધન્ય, મિત્ર ને પુત્ર ધન્ય, 'પ્રાણ' વસે જેની પાસ.

૩. સેવા-શણગાર તારો, ત્યાગને નહિ સીમાડો, ભજનભાવે ચકચૂર;
ભક્તો માટે પ્યારો-પ્યારો, ઠગતો માટે ખારો-ખારો, ગુરુભક્તિએ ભરપૂર.

૪. નમ્રતાનું સાકાર રૂપ, મથી મરે ન પામે ભૂપ, કૃષ્ણ વર્ણે ભરપૂર;
અધિકારી જીવ જોઈ, 'યોગભિક્ષુ' રોઈ-રોઈ, થઈ જાય છે ગાંડોતૂર.

## : સવારી રે ચડી સનાતન સંતની :

૧. સવારી રે ચડી, સનાતન સંતની, (ધ્રુવ)
કરવા સર્વે જીવોનું કલ્યાણ રે;
યોગભિક્ષુજી, અમારા ગુરુમહારાજ છે.

૨. ધર્મ, કર્મ, મર્મને વિસ્તારવા,
છોડ્યાં તમે સંસાર કેરાં સુખ રે;
યોગભિક્ષુજી, રૂડાં તમારાં કાજ છે.

૩. જગતને કુટુંબ માનિયું,
નાદ અનાદિ, ગજાવ્યો ઓમ્કાર રે;
યોગભિક્ષુજી, સંયમ તણા છડીદાર છે.

૪. નામ પિતાજીનું દીપાવિયું,
દીપાવી છે માતાજીની કૂખ રે;
યોગભિક્ષુજી, કરુણાના આગાર છે.

૫. સાચી સમજણનો મંત્ર આપિયો,
પ્રણવ હુંકારે, ભગાડ્યો 'હું-હુંકાર' રે;
યોગભિક્ષુજી, રાજાઓના મહારાજ છે.

૬. બાળક 'ભિક્ષુ'નાં સૌ મળી,
ગુરુજીનો કરીએ જય-જયકાર રે;
પ્રણવ પ્રભુજી, તમારે હાથ મારી લાજ છે.

## : તે-તે ગુરુપૂજન ગણાય :

જે-જે સાચી સમજ પમાય, તે-તે ગુરુપૂજન ગણાય.
જે-જે દુર્ગુણ છૂટી જાય, તે-તે પ્રભુભજન ગણાય. (ધ્રુવ)

૧. દેખાદેખી જો, ભેળા થઈને, કથા સાંભળવા જાય;
કથાની વાત તો, કડવી લાગે, કૂથલી મીઠી જણાય. ...જે...જે.

૨. 'ગુરુમહિમા'નો ગ્રંથ ખરીદે, શોભા કબાટની થાય;
ગ્રંથો રાખે, મોભા માટે, ભલે કંસારી ખાય. ...જે...જે.

૩. ઉપદેશ સાંભળે, વર્ષો સુધી, સુધરે નહિ જરાય;
સાથીના સંગે, સત્સંગ બહાને, સિનેમા જોવા જાય. ...જે...જે.

૪. બેસી સભામાં, કથા સુણે સૌ, પોતે આઘોપાછો થાય;
ગુરુ-સત્સંગમાં, સૌ હોય રંગમાં, ત્યારે જ ઝોકાં ખાય. ...જે...જે.

૫. મોડો સૂએ ને, મોડો ઊઠે ને જાજરૂમાં તમાકુ ખાય;
'ઓમ્‌પરિવાર'ના સંઘમાં જનારા, સૌ કોઈ ખોટી થાય. ...જે...જે.

૬. આવે છેલ્લો, બેસે પહેલો, સૌથી પહેલો જાય;
સંતો કહે તે, કદી ન સાંભળે, પોતાનું ગાણું જ ગાય. ...જે...જે.

૭. ઉપરાઉપરી, પ્રશ્નો પૂછે પણ, ઉત્તર ન સાંભળે જરાય;
પ્રશ્નોના બહાને, સંતોથી બાખડે, હું-હું બતાવવાની લ્હાય. ...જે...જે.

૮. દાઢી, જટા ને છટા વધારે, વ્યસન વધાર્યે જાય;
સદ્‌ગુણથી તો દૂર-દૂર ભાગે, પછી કરે હાય-હાય. ...જે...જે.

૯. વર્ષો સુધી, રાત-દિવસ ભલે, અખંડ જાપ જપાય;
જાપના જેવું જો જિવાય નહિ તો, મોંઘો સમય વેડફાય. ...જે...જે.

૧૦.'યોગભિક્ષુજી' ગુરુ થઈ બેઠા, ઉપદેશ આપવા ધાય;
ઓમ્‌ગુરુદેવ કહે 'ચેલા તારા, પગમાં બળે તે ઠાર્ય.' ...જે...જે.

## : ગુરુજી-ટાળો અમ અજ્ઞાન :

**(રાગ : પ્રભુ તારી માયાને તું વાળ્ય : માઢ)**

ગુરુજી, ટાળો અમ અજ્ઞાન; અમને, આપો રૂડું જ્ઞાન. (ધ્રુવ)

૧. પેસે અંતરમાં એ રાગના રૂપે, રચે સોનાની જાળ;
જકડીને બાંધે, મુક્ત માનવને, લેજો અમારી ભાળ. ...ગુરુજી.

૨. અમને એ પીડે, તૃષ્ણાના રૂપે, ક્રોધ રૂપે બહુ વાર;
કોઈને મોહ અને કોઈને મમતા, નચાવે થૈથૈકાર. ...ગુરુજી.

૩. પુત્ર પનોતા, વિષયો એના, મન એનું છડીદાર;
બહુ સામગ્રી, એની પાસે, આળસથી એને પ્યાર. ...ગુરુજી.

૪. ઋષિ–મુનિને, તરુણી રૂપે, છેતરે લાગી પાય;
કુદરત કોપે, ધર્મને લોપે, શાંતિ સઘળી જાય. ...ગુરુજી.

૫. ત્યાગી-રાગીને હીરા-મોતીએ, ખવરાવ્યો બહુ માર;
ધર્મને છાંડી, ગાડી, વાડી ને, લાડીમાં સમજે સાર. ...ગુરુજી.

૬. ધન-લૂંટારે સાધુને લૂંટ્યા, સંત, મહંત, આચાર્ય;
'યોગભિક્ષુ'ને, ગુરુજીએ લૂંટ્યો, પ્રભુજીનાં ભજનો ગાય. ...ગુરુજી.

## : પ્રભુજી, ટાળો અમ અભિમાન :

પ્રભુજી, ટાળો અમ અભિમાન, અમને આપો એક વરદાન. (ધ્રુવ)

૧. તપસી લપસી જાય છે જ્યારે, કરે છે આવા વિચાર-
'અમે સમરથ છીએ, ભોગ ભોગવીએ, છે અમને અધિકાર' ... પ્રભુજી.

૨. શુદ્ધને છેતરે, સેવાના બહાને, સેવકનો ધરી વેશ;
પોષી અહંકાર, મોટો બનાવે, પછી ખેંચે છે કેશ. ...પ્રભુજી.

૩. પતિ-પત્ની રૂપે, કોઈને છેતરે, કોઈને પીડે છે માન;
સ્નેહીના રૂપે, છેતરે મમતા, ભુલાવે સઘળું ભાન. ...પ્રભુજી.

૪. રૂપો એનાં છે, કરોડો પ્રભુજી, કોઈ ન પામે પાર;
ગમતા રૂપે એ છેતરે અમને, સૌએ ખાધો માર. ...પ્રભુજી.

૫. તન-મન-ધન ને, વિદ્યા-બુદ્ધિનું, રાખે ભલે અભિમાન;
કાળા-ગોરાનો, ભેદ ન જાણે, ઘડપણ ઉતારે ગુમાન. ...પ્રભુજી.

૬. અહંકારને, ઓગાળવા જે, સંતશરણમાં જાય;
નમે 'યોગભિક્ષુ', ઓમ્‌ગુરુચરણે, તેનો અહંકાર જાય. ...પ્રભુજી.

## : જ્યાં સુધી સાચી સમજ ન આવે :

જ્યાં સુધી, સાચી સમજ ન આવે, જ્યાં સુધી સાચી સમજ ન આવે. (ધ્રુવ)

૧. હાડ અને માંસનું, બન્યું જે પૂતળું, તેમાં જ આનંદ માણે;
ગુરુજી જ્યારે, ચેતાવે ત્યારે, ગુરુજીનો ગુરુ થાયે. ...જ્યાં.

૨. જીવતાં હોય તેને, સંતોષ ન આપે, મૂઆનાં શ્રાદ્ધ સરાવે!
ગુરુ-સંતોનાં ચરણે ન બેસે, પાખંડના પગ પખાળે. ...જ્યાં.

૩. હિતનું કહે તેનું, અપમાન કરે ને, 'હાંજી' કહે તેને રાખે;
પેટમાં પેસીને, પગ પસારે, ત્યારે હાંજીનો સ્વાદ ચાખે. ...જ્યા.

૪. પૈસે-પૈસે, રૂપિયે-રૂપિયે, રૂપિયા કરોડ થાયે;
એટલું જ નસમજે, લાલચુ-લોભી, જાદુથી રૂપિયા ચાહે. ...જ્યાં.

૫. હર્ષ અને શોકને, હાનિ-લાભને, જીવનનો ક્રમ જે જાણે;
'ક્ષિભુ'-કૃપા, તેણે જ મેળવી, બીજા ગોથાં ખાયે. ...જ્યાં.

## : માનવી પોતાથી છેતરાયે :

માનવી, પોતાથી છેતરાયે; માનવી, પોતાથી છેતરાયે... (ધ્રુવ)

૧. સત્કર્મોમાં શ્રદ્ધા ન રાખે, જોશી, ભૂવાને બોલાવે;
બકરું કાઢતાં, ઊંટને પેસાડે, મૃગજળ કદી ન હાથ લાગે. ...માનવી.

૨. માવતરને રાખે ઘરડાંઘરમાં, ગુરુને વનવાસ આપે;
આડાં-અવળાં, બહાનાં બતાવી, પોતે પરદેશ મહાલે. ...માનવી.

૩. પૂનમ ભરવા, માતાએ જાય પણ, મા સાથે અબોલા રાખે;
પાળિયાને સિંદૂર-થાપા ચડાવે, બાપાને પોતિયું ન આપે. ...માનવી.

૪. પુત્રની આશે, માનતા માને ને, મૂર્તિને ચૂંદડી ચઢાવે;
ગૃહલક્ષ્મીની ચૂંદડીનાં ચીથરાં, તેની નજરુમાં ના'વે. ...માનવી.

૫. લૉટરી માંગે, હનુમાન પાસે, સંયમમાં પ્રીત નવ રાખે;
મર્યાદા લોપ્યે, બ્રહ્મચારી કોપે, પૂંછડાની ઝાપટ નાખે. ...માનવી.

૬. ગ્રહ-નક્ષત્ર-દેવ-દેવી-યક્ષ-કિન્નર, ઈશ્વર ઇશારે નાચે;
ઈશ્વરને છોડી, 'યોગભિક્ષુ' તું, શા માટે પાખંડ યાચે. ...માનવી.

## : મૂર્ખો, મૃગજળની પાછળ ભાગે :

મૂર્ખો, મૃગજળની પાછળ ભાગે, મૂર્ખો, મૃગજળની પાછળ ભાગે... (ધ્રુવ)

૧. ગામનો જોગી જોગટો લાગે, બહારનો સિદ્ધ ભાસે;
સોનું-રૂપું ધૂતી, સિદ્ધ જ્યારે ભાગે, ત્યારે મેં વાળવા લાગે. ...મૂર્ખો.

૨. સાથે રમે ને સાથે જમે જે, અમૂલ્ય જ્ઞાન જે આપે;
એવા પુરુષને, ઠેબે ચડાવે, છેતરે તેને ગુરુ સ્થાપે. ...મૂર્ખો.

૩. પેંડા, પતાસાં, હાથમાં ફૂલ લઈ, લાઇનમાં જે ઊભો રાખે;
પસીનો ટપકાવે, ઊંધો લટકાવે, તેમાં જ ભગવાન ભાળે. ...મૂર્ખો.

૪. વેઠ કરાવે, ભેટ પડાવે, વાસનાની જાળમાં ફસાવે;
અટપટુ ભાખે, આંજી નાંખે, તેને જ મોટરો આપે. ...મૂર્ખો.

૫. શીખે, સુણે ને આચરે જે, ભજનનો મહિમા ગાયે;
નમે 'યોગભિક્ષુ' ઓમ્‌ગુરુચરણે, પાવન જરૂર થાયે. ...મૂર્ખો.

## : આ બધું કોણ તને સમજાવે ? :

આ બધું, કોણ તને સમજાવે? આ બધું, કોણ તને સમજાવે? (ધ્રુવ)

૧. પરદેશી સાથે, ભાઈબંધી રાખે, પાડોશીને રાખે આઘે;
એટલું ન સમજે, સંકટ સમયે, પાડોશી જ પહેલો આવે. ...આ બધું.

૨. ઘડપણ આવે, શ્વેત બાલ થાયે, કેશમાં કલપ ઘાલે;
કાબરચીતરાં, ઊડે લટુરિયાં, યુવાની એમ ન આવે. ...આ બધું.

૩. વાસના માણવા, માવો પચાવવા, ઓસડિયાં ખૂબ ખાવે;
ઘરડો થયો તોય, સાનમાં ન સમજે, અસાધ્ય રોગને બોલાવે. ...આ બધું.

૪. પશુ-પક્ષીને, ખૂબ-ખૂબ પીડે, તેનાં બચ્ચાંને સંતાપે;
તેની હાય લાગ્યે, આપણા બચ્ચાં, આપણને છોડીને ભાગે. ...આ બધું.

૫. લાલી, લિપસ્ટિક ને પાઉડર લગાડે, બહુવિધ શણગાર ધારે;
કહે 'યોગભિક્ષુ', સાચો શણગાર તો, સદ્‌ગુણ જ કહાવે. ...આ બધું.

## : મનડું, હું-હુંમાં શરીર બગાડે :

મનડું, હું-હુંમાં શરીર બગાડે, મનડું, હું-હુંમાં શરીર બગાડે. (ધ્રુવ)

૧. બરફી, જાંબુ ને, રબડી દબાવે, કેશરિયાં દૂધ ગટકાવે;
એને એ તો ઉપવાસ સમજે, હું-હુંમાં શરીર બગાડે. ...મનડું.

૨. એકાદશીના, ઉપવાસો પણ, સ્વર્ગની આશે થાયે;
સાચું સ્વર્ગ તો રહ્યું છે સંપમાં, આપો ક્ષમા તો પમાયે. ...મનડું.

૩. નાવા-ધોવાના, નિયમ રાખે ને, મોળું, ફીકું ખાયે;
શ્રાવણ માસમાં, કરે એકટાણાં, એક ટંકે અધમણ ખાયે. ...મનડું.

૪. મોક્ષ મેળવવા, વૃદ્ધ શરીરે, ગંગામાં ડૂબકી લગાવે;
બરફનું ઠંડું જળ, શરમ ન રાખે પળ, લકવાના રોગમાં ફસાવે. ...મનડું.

૫. ફળ, શાક-ભાજી, સુપાચ્ય ભોજન, જે દિવસે ખવાયે;
સત્ય, અહિંસા, સંયમ પાળે, તે જ ઉપવાસ કહાયે. ...મનડું.

૬. શ્રવણ-મનન કરે, શાસ્ત્રવાંચન કરે, વાંચી જીવનમાં ઉતારે;
વિચારને સ્થિર કરે, પવિત્ર કાર્ય કરે, તે અગિયારસ ગણાયે. ...મનડું.

૭. વિવેકથી સમજો, 'ભિક્ષુ'એ જે કહ્યું, વધુ સમજજો જાતે;
જાત વિના કદી, ભાત પડે નહિ, હાથે તે આવશે સાથે. ...મનડું.

## : કુદરત, તારી કળા ન કળાય :

કુદરત, તારી કળા ન કળાય, સૌ જીવ છે કુદરતના બાળ. (ધ્રુવ)

૧. વાદળ ગર્જે, વીજ ઝબૂકે, મે વરસે મૂશળધાર
નદી-નાળાં ને ખાલી સરોવર, પલમાં ઊભરાઈ જાય. ...કુદરત.

૨. કોઈ છે કાળો, કોઈ છે ગોરો, પશુ કોઈ પક્ષી ગણાય;
નાત-જાતના ભેદ ઘણા પણ, લોહી સૌનું લાલ જણાય. ...કુદરત.

૩. જે-જે ખાઈએ, જે-જે પીએ, તેનું રુધિર થાય;
કેવો ચમત્કાર, રુધિર સઘળું શક્તિમાં ફેરવાઈ જાય. ...કુદરત.

૪. ભૂમિ ભરેલી માટીથી પણ, તેમાંથી ગુલાબ થાય;
પ્રકાશ-પાણી સમાન તોયે, વિષામૃત ભેદ જણાય. ...કુદરત.

૫. પશુથી પશુ, માણસથી માણસ, બીજ મુજબ સર્વે થાય;
પાપથી દુઃખને, પુણ્યથી સુખને, સમ હોય તો મોક્ષ પમાય. ...કુદરત.

૬. સર્વે શાસ્ત્રો, ધર્મો તણો, સારાંશ એક જણાય;
પરહિત સરખું પુન્ય નથી કોઈ, પરપીડ પાપ ગણાય. ...કુદરત.

૭. એક માતાનાં બાળ સૌ 'ભિક્ષુ', ઇચ્છીએ સુખ સદાય;
ભાંડુને દુઃખ દઈ, માતા જો દૂભવીશ, કોપે તો કુદરત કરાળ. ...કુદરત.

## : હવે, વીતી ગઈ છે રાત :

હવે, વીતી ગઈ છે રાત, રૂડું, ઊઘડિયું પ્રભાત... (ધ્રુવ)

૧. યોગભિક્ષુ વિચરે, પૃથ્વી ઉપર, ગુરુઆજ્ઞાથી ખાસ;
ગુરુશક્તિ જ, છે સર્વસ્વ, સઘળે તેનો વાસ. ...હવે.

૨. યોગભિક્ષુ વિચરે, જનસમાજમાં, સૌને દે છે હાક;
અમારો સંગાથ, તેને જ ગમશે, જેને વૈરાગમાં રાગ. ...હવે.

૩. યોગભિક્ષુ વિચરે, તીર્થે-તીર્થે, સંત-મિલનની આશ;
સાચા સંત તો, તે જ છે જે, જીવ માત્રના દાસ. ...હવે.

૪. યોગભિક્ષુ વિચરે, મણિનગરમાં લઈને સદ્‌વિચાર;
અમને સહકાર, તેઓ જ આપશે, પ્રિય જેને પરોપકાર. ...હવે.

૫. યોગભિક્ષુ વિચરે, નગરે-ગામે, સાથે ન બહુવિધ સાજ;
સત્‌સાહિત્ય, મફતમાં વહેંચે, ચિન્તન બદલવા કાજ. ...હવે.

૬. યોગભિક્ષુ વિચરે, દ્વારે-દ્વારે, છોડાવવા પ્રમાદ;
મહાઠંડીમાં, પ્રાતઃફેરીમાં, ગાય ગાયત્રી મહાન. હવે..

૭. યોગભિક્ષુ વિચરે, તુંડે-તુંડે, વિચારશુદ્ધિની આશ;
શુદ્ધિ વિણ કદી, મળે ન શાંતિ, ભ્રમ જામે ચોપાસ. ...હવે.

૮. 'યોગભિક્ષુ' વિચરે, જીવ માત્રમાં, જિજ્ઞા રૂપે સદાય;
જિજ્ઞાસા વિણ જીવ નિર્જીવ સમ, જિજ્ઞાથી સજીવ કહેવાય. ...હવે.

## : તો પછી બીજે શા માટે જાય ? :

**(રાગ : ઘરમાં કાશી, ઘરમાં મથુરા)**

તો પછી બીજે શા માટે જાય? તો પછી બીજે શા માટે જાય? (ધ્રુવ)

૧. ઘરમાં સુખ છે, ઘરમાં શાંતિ, (૨)
ક્રાંતિ જો મનમાં થાય... તો પછી...

૨. ગુરુજીનાં ચરણે, સંતોનાં શરણે, (૨)
ભ્રાંતિ જો સઘળી જાય... તો પછી...

૩. વ્યસનો છોડે, કુસંગ તોડે, (૨)
તેમાં જો મુક્તિ મનાય... તો પછી...

૪. ભૂત-પ્રેતની ભ્રમણા ભાંગે, (૨)
જ્યોતિષથી નવ લોભાય... તો પછી...

૫. ધર્મે શ્રદ્ધા, કર્મે કુશળતા, (૨)
કર્તાહર્તા પ્રભુ મનાય... તો પછી...

૬. જગ આખાને કુટુંબ સમજે, (૨)
જીવ-રક્ષા માટે જો ધાય... તો પછી...

૭. ખાન-પાન છે જેનાં, પરમ પવિત્ર, (૨)
સંયમથી જીવે સદાય... તો પછી...

૮. આ સાક્ષાત્કાર, આ જ મોક્ષ છે, (૨)
એવી પ્રતીતિ જો થાય... તો પછી...

૯. કહે 'યોગભિક્ષુ', સદાચાર પાળી, (૨)
નીતિથી જો જિવાય... તો પછી...

## : સમજનો મારગ છે શૂરાનો :

(રાગ : હરિનો મારગ છે શૂરાનો)

૧. સમજનો મારગ, છે શૂરાનો, જાણે ખાંડાધાર જોને;
પાખંડ બાળી, અજ્ઞાન ટાળી, પહોંચાડે મુકામ જોને... સમજ...

૨. સદ્‌વિદ્યાની, સમશેર પકડી, શૂરવીર ધસ્યો જાય જોને;
હાકોટા નાખે, દૃઢ મન રાખે, તૃષ્ણાને મારે ઠાકર જોને... સમજ...

૩. સૌના સુખમાં, સ્વસુખ માને, તે થાયે મહાવીર જોને;
કુટુંબ તારે, સૌને સુધારે, ભૂ પર સ્વર્ગ ઉતારે જોને... સમજ...

૪. 'યોગભિક્ષુ' ઝંખે, અતિવીરને; આવે સંગાથ આપે જોને;
હવે તો કાંઠે, પહોંચી ગયો છું, 'ભિક્ષુ' ભાર ઉપાડી લ્યોને... સમજ...

## : ગુરુ સ્થાપે જબરજસ્તી :

૧. તું કહે છે પુસ્તકનું ચોરેલું, હું કહું પોતે અનુભવેલું;
તું કહે છે પુસ્તકમાં લખેલું, હું કહું છું મસ્તકમાં દેખેલું.
વેદ-ઉપનિષદ ભણ્યો નથી, મહાશાળાએ હું ચડ્યો નથી;
જે વધ્યો તે ગુરુકૃપાથી, 'યોગભિક્ષુ' બન્યો બહુ મથી.

૨. 'ભિક્ષુ'ની જગમાં શું હસ્તી? કૃપા વિણ જાણે એ પસ્તી;
પ્રભુ તણી અકળ શક્તિ, એ ગુરુ સ્થાપે જબરજસ્તી !

૩. 'નમે તે ગમે પ્રભુને' એવી નીતિ બાની હતી;
'અતિથિ આવો અમારા ગૃહે', એવું કહે અમ પિતાજી.
'ગુરુ-સંતનું સ્વાગત થાયે, ભાઈ-ભાઈ જ્યાં રહે સંપથી;
સુખ-શાંતિ ત્યાં આળોટે છે,' એવું કહે યોગભિક્ષુજી.

### : આશ્રમ વિનાના યોગભિક્ષુજી ! :

૧. આશ્રમ વિનાના યોગભિક્ષુજી, સૌને સાથે રાખે;
જો કોઈ તેમનો સંગ કરે તો, જરૂર મોક્ષને ચાખે.

૨. સંગ કર્યો 'ભિક્ષુ' ત્રિપુટીએ, જગમાં ડંકો દીધો;
જીવમાત્રનું કલ્યાણ સાધવા, ત્રણેએ મનસૂબો કીધો.

૩. સૌ ભક્તોને કરું વિનંતી, ગુરુકાર્યમાં મચી પડો;
મળ-મૂત્રમય ગંદા શરીરનો, સેવામાં ઉપયોગ કરો.

૪. આશ્રમ બનાવો ગુરુમહારાજ, ઓમ્‌પરિવાર પર કૃપા કરો;
'ભિક્ષુ' તમારો કહે કર જોડી, ગુના અમારા માફ કરો.

## : સ્વાધ્યાય-સૂત્રો :

### : વાહ તારી કમાલ છે ! :

મંદિર-મસ્જિદથી પણ, તેને બનાવનારો મહાન છે,
લાઠી-ગોળી ચલાવનારા! તું કેટલો નાદાન છે!
જીવતાને મારે, જડને જમાડે, વાહ તારી કમાલ છે!
સર્વ જીવને અભય બક્ષે, તે જ 'ભિક્ષુ' મહાન છે.

## : જે ગૃહે :

'જે ગૃહે ગુરુ બિરાજે હકે, રાહુ-કેતુ તેનું ન બગાડી શકે';
સમજી આવું 'ભિક્ષુ'નું તપ તપે, શા માટે તે ગ્રહોના જપ જપે?
ગ્રહ-નક્ષત્ર સર્વ, પ્રભુની રચના, પ્રભુની પરિક્રમા કર્યા કરે;
પોતાની જ ભ્રમણ-કક્ષામાં, સદાય તે ફેરા ફર્યા કરે.

## : કરી દે પોતાની સમાન :

સાધુ-સંતોના સંગમાં રહી, ઉપદેશ પામ્યા અનેક વાર;
'ભિક્ષુ' તોયે ન ગયા, કામ-ક્રોમરૂપ છ વિકાર!
હરદમ હથોડી પ્રેમની મારે, સદ્‌ગુરુ-સોની મળી જાય;
કામ-ક્રોમને કૂટી મારે, કરી દે પોતાની સમાન.

## : દૂધ પામે ડબ્બાનું :

સંતાનમાં સુગંધ આવે ક્યાંથી મા-બાપની ?
દૂધ પામે ડબ્બાનું, તાલીમ પામે પાપની.
સંતોથી સંસ્કાર આપો, ગામે-ગામ ગુરુકુળ સ્થાપો;
કહે 'ભિક્ષુ' ખાત્રી રાખો, પુત્રનું સુખ, તો જરૂર ચાખો.

## : રહે સંતનો સંત :

સંત-મહંત-સંન્યાસી થઈ, ભલે મોટાં માંડે ડગ;
બગ-સ્વભાવ સુધરે નહિ તોયે, રહે ઠગનો ઠગ.
ઘાંચી-મોચી-દરજી કેરાં, કામ કરે અનંત;
સંત-સ્વભાવ પલટે નહિ તોયે, રહે સંતનો સંત.
પૂછો ન ભણતર 'ભિક્ષુ' કેરું, ગણતર કરશે કામ;
મૂલ્ય કરવું તલવારનું, રહેવા દેવું મ્યાન.

## : ગુરુજીની નજર લાગે :

ગુરુજીની નજર લાગે, તો મહાભાગ્ય જાગે;
ભ્રાંતિ સર્વ ભાંગે, વિકાર સઘળા ભાગે;
કહું છું એક અવાજે, જે થાય તે થવા દે;

ગુરુપ્રેમ 'ભિક્ષુ' કાજે, ઓ વિશ્વ લઘુ થાજે,
તમને મળ્યા જો રાજા, શું કરવા બીજા ઝાઝા;
એ ઝાઝા તોય બીચારા, રાજા એકે હજારા.

### : શું વડાઈ ? :

શું વડાઈ ? ચડ્યા પર્વત, પોતાનો જ ભાર લઈને;
શું વડાઈ ? પાર ગયા, પોતાની જ નાવ ચલાવીને;
ઝેર-અમૃત ભરેલી ધરતી, તેને જ શીશ નમાવે છે;
'ભિક્ષુ' બની, નીચા નમી, પડતાને સહારો દે છે.

### : ભિક્ષુ અને દીક્ષુ :

અર્થાત્

### : સુગરો અને નુગરો :

વનમાં ટહુકે મોર, સૌ કહે છે કે 'વન ટહુકે છે;'
મુખથી ટપકે રક્ત, સ્વાન સમજે કે 'હાડ ટપકે છે;'
નભમાં ગર્જે મેઘ, સિંહ સમજે કે 'સિંહ ગર્જે છે;'
તેને જ સમજે બિંબ, જે પ્રતિબિંબ જલમાંહી પડે છે;
તેમ-
આનંદસ્વરૂપ છે પોતે, તોય 'ભિક્ષુ' બીજે દોટો કાઢે છે;
નથી ઇન્દ્રિયોમાં આનંદ, તે રહસ્ય 'દીક્ષુ' ગોતી કાઢે છે.

### : મળ્યું અમૃત :

પ્યારા પ્રભુ કાજે, બળીને ખાક થાયે કોઈ!
કોઈ તે ભસ્મને પણ રે! લગાવે અંગમાં ભાઈ!
જીવતાં મરેલો કોઈ, કોઈ મરીને જીવે છે.
મળ્યું અમૃત પણ ક્યાં, 'યોગભિક્ષુ' પીવે છે ?

## : હાડચામથી :

હાડચામથી રમતો રહ્યું છું, હવે અમર ફળ ચાખીશ જ;
સાચા જ્ઞાનનું સેવન કરીને, ભિક્ષુનું દારિદ્ર કાપીશ જ.

## : સહે દુઃખો :

સહે દુઃખો ખર્વ-નિખર્વ, જેમ ઊજવે મહા પર્વ;
'ભિક્ષુ'ને ગુરુ જગત સર્વ, તોય નથી લેશ ગર્વ.

## : વસ્ત્રોના શોખથી :

વસ્ત્રોના શોખથી પર ગયો ને સ્વાદ ઉપર જે સવાર થયો;
'ભિક્ષુ' ભીતરથી ગર્વ ગયો તે, ધનકુબેરનો કુબેર થયો.

## : પાણી પિવડાવીએ :

પાણી પિવડાવીએ, છાશ પિવડાવીએ, અન્ન ખવડાવીએ અનેક વાર;
જરૂરત હોય તેને વસ્ત્ર પણ આપીએ, 'ભિક્ષુ' ન કરીએ ગર્વ લગાર.

## : રવિ-કવિ :

રવિ-કવિ પણ, પહોંચી શકે ના, પહોંચી શકે ના અનુભવી;
ત્યાં પણ પહોંચે 'ભિક્ષુ'-ધારાઓ, તત્ત્વજ્ઞાનની નવી-નવી.

## : ગુરુ વિના જ્ઞાન :

ગુરુ વિના જ્ઞાન કદી, કોઈને મળે નહિ;
ભલે મળે ભીતરથી કે જ્ઞાન મળે બહારથી.

## : પ્રબલાજીવન વાહ :

પ્રબલાજીવન વાહ! તેરી અમર કહાની!
આંચલ મેં હૈ બુદ્ધ, આંખો મેં ખપ્પરવાલી!

# ધૂનો

૧. ઓમ્ ભૂર્ભુવઃ સ્વઃ, ઓમ્ તત્સવિતુર્વરેણ્યમ્,
ભર્ગો દેવસ્ય ધીમહિ, ધિયો યો નઃ પ્રચોદયાત્ ઓમ્.

૨. ઓમ્ ગુરુ ઓમ્, જપા કર જપા કર,
ઓમ્ ગુરુ ઓમ્, રટા કર રટા કર;
ઓમ્ ગુરુ ઓમ્ સે, છૂટે ગર્ભવાસા,
ઓમ્ ગુરુ ઓમ્ હૈ, મુક્તિ કે દાતા.

૩. કૌન સો સંકટ મોર ગરીબ કો, જો તુમ સો નહીં જાત હૈ ટારો?
વેગી હરો હનુમાન મહાપ્રભુ, જો કછુ સંકટ હોય હમારો.

૪. મૂંછાળા-પૂંછાળા વંદુ, ઓમ્ગુરુ હનુમંત ગુરુ;
ઓજ-તેજના દાતા સમરું, ઓમ્ગુરુ હનુમંત ગુરુ.

૫. ચિન્તન કરેગા જો જૈસા, આચરણ કરેગા વહ વૈસા;
આચરણ કરેગા જો જૈસા, સુખ-દુઃખ ભોગેગા વહ વૈસા.

૬. ઓમ્ગુરુદેવ શિવયોગી, વીનવીએ રાખો સૌને નીરોગી;
વીનવીએ રાખો સૌને નીરોગી, ઓમ્ગુરુદેવ શિવયોગી.

૭. પરમગુરુદેવ પરમાત્મા, સૌને બનાવો દિવ્યાત્મા.
સૌને બનાવો દિવ્યાત્મા, ઓમ્ ગુરુદેવ પરમાત્મા

૮. પુષ્ટિ-પ્રદાતા પદયાત્રા, લાવે દિવ્યતા વિપુલ માત્રા;
પદયાત્રા છે પુષ્ટિદાતા, ભગાડે પ્રમાદ લાવે શાતા.

૯. ભૌતિકતાને ભગાડીએ, આત્મિકતાને આરાધીએ;
જીવ સર્વેને સન્માનીએ, તો શાંતિને પામીએ.

૧૦. ઓમ્ગુરુ સત્યગુરુ, ધર્મગુરુ ઓમ્-ઓમ્;
સત્યગુરુ ઓમ્-ઓમ્, ધર્મગુરુ ઓમ્-ઓમ્.

૧૧. પર્યાવરણ પરિશુદ્ધિ કરવા, આપીએ આહુતિ સોમ્ સ્વાહા;
જીવ સર્વેના રોગ ટળવા, સ્વીકારો આહુતિ ઓમ્ સ્વાહા.

૧૨. સત્ય ધર્મ કી જય હોગી, તભી વિશ્વશાંતિ હોગી;
સત્ય ધર્મ કી હોગી જય, તભી સભી હોંગે અભય...ઓમ્ ગુરુ ઓમ્ (૪)

૧૩. જેનો જીભ પર કાબૂ, તેનો જગ પર જાદૂ;
જેનું જીવન સાદુ, તેનું આરોગ્ય ઝાઝું...ઓમ્ ગુરુ ઓમ્ (૪)
કરસકર છે કામધેનું દે છે અમૃત દિન-રૈનુ;
કમ ખાઓ જો ગમ ખાઓ , તો દુઃખથી મુક્તિ પામો...ઓમ્ ગુરુ ઓમ્ (૪)

૧૪. ઓમ્ નમઃ શિવાય ઓમ્,
ઓમ્ નમઃ શિવાય ઓમ્.

## : ભજન-સારાવલી :

૧. જે-જે સાચી સમજ પમાય, તે-તે ગુરુપૂજન ગણાય;
જે-જે દુર્ગુણ છૂટી જાય, તે-તે પ્રભુભજન ગણાય. (ધ્રુવ)

૨. હાડ અને માંસનું, બન્યું જે પૂતળું, તેમાં જ આનંદ માણે;
ગુરુજી જયારે, ચેતાવે ત્યારે, ગુરુજીનો ગુરુ થાયે. ...જે-જે.

૩. હર્ષ અને શોકને, હાનિ-લાભને, જીવનનો ક્રમ જે જાણે;
'ભિક્ષુ'-કૃપા તેણે જ મેળવી, બીજા ગોથાં ખાયે. ...જે-જે.

૪. તપસી, લપસી જાય છે જયારે, કરે છે આવા વિચાર-
'અમે સમરથ છી, ભોગ ભોગવીએ, છે અમને અધિકાર.' ...જે-જે.

૫. સત્કર્મોમાં શ્રદ્ધા ન રાખે, જોશી-ભૂવાને બોલાવે;
બકરું કાઢતાં, ઊંટને પેસાડે, મૃગજળ કદી ન હાથ લાગે. ...જે-જે.

૬. ગ્રહ-નક્ષત્ર-દેવ-દેવી-યક્ષ-કિન્નર, ઈશ્વર ઈશારે નાચે;
ઈશ્વરને છોડી 'યોગભિક્ષુ' તું, શા માટે પાખંડ યાચે. ...જે-જે.

૭. સાથે રમે ને સાથે જમે જે, અમૂલ્ય જ્ઞાન જે આપે;
એવા, પુરુષને ઠેબે ચડાવે, છેતરે તેને ગુરુ સ્થાપે. ...જે-જે.

૮. પરદેશી સાથે ભાઈબંધી રાખે, પાડોશીને રાખે આઘે;
એટલું ન સમજે, સંકટ સમયે, પાડોશી જ પહેલો આવે. ...જે-જે.

૯. પશુ-પક્ષીને ખૂબખૂબ પીડે, તેનાં બચ્ચાંને સંતાપે;
તેની હાય લાગ્યે, આપણાં બચ્ચાં, આપણને છોડીને ભાગે. ...જે-જે.

૧૦. એક માતાનાં બાળ સૌ 'ભિક્ષુ', ઇચ્છીએ સુખ સદાય;
ભાંડુને દુઃખ દઈ, માતા જો દૂભવીશ, કોપે તો કુદરત કરાળ. ...જે-જે.

૧૧. વિવેકથી સમજો, 'ભિક્ષુ' એ જે કહ્યું, વધુ સમજજો જાતે;
જાત વિના કદી, ભાત પડે નહિ, હાથે તે આવશે સાથે. ...જે-જે.

૧૨. 'યોગભિક્ષુ'જી ગુરુ થઈ બેઠા, ઉપદેશ આપવા ધાય;
ઓમ્ગુરુદેવ કહે, ચેલા 'તારા, પગમાં બળે તે ઠાર્ય.' ...જે-જે.

## : જૂના ધરમ લ્યો જાણી :

જૂના ધરમ લ્યો જાણી, મારા સંતો જૂના ધરમ લ્યો જાણી હે..જી.. (ટેક)
નદીકિનારે કોઈ નર ઊભો, તૃષા ન છિપાણી હે...જી;
કાં તો આળસુ અંગ એનું, કાં તો સરિતા સુકાણી મારા સંતો...
કલ્પતરુ તળે કોઈ જન બેઠો, ક્ષુધા ખૂબ પીડાણી હે...જી;
નહીં કલ્પતરુ, નક્કી બાવળિયો કે ભાગ્યરેખ ભેળાણી મારા સંતો...
સદ્ગુરુ સેવ્યે શિષ્ય ન સુધર્યો, વિમળ મળી નહીં વાણી હે... જી;
કાં તો ગુરુજી જ્ઞાન વગરના, કાં તો એ પામર પ્રાણી મારા સંતો...
ભક્તિ કરતાં ભય-દુઃખ આવે, ધીરજ નવ ધરાણી હે...જી;
કાં તો સમજણ રહી છે છેટે, કાં નહીં નામ નિરવાણી મારા સંતો...
ચિંતામણિ મળી, પણ તોયે, ચિંતા નવ ઓલાણી હે...જી;
નહીં ચિંતામણી, નક્કી એ પથરો, વસ્તુ નવ ઓળખાણી મારા સંતો...
મળ્યું ધન તો યે વાપરી ન જાણ્યું, શું કહું કરમની કહાણી હે...જી;
કાં તો ભાગ્ય બીજાનું ભળિયું, કાં તો ખોટી કમાણી મારા સંતો...
અમૃત મળ્યું પણ અમર થયો નહીં, પીવાની જુક્તિ ન જાણી હે...જી;
કાં તો ઘટમાં ગયું નહીં કે, પીવામાં આવ્યું પાણી મારા સંતો...
ધર્મ, કર્મ ને ભક્તિ જાણે, ભેદ વિના ધૂળધાણી હે...જી;
કહે ગણપત સમજી લ્યો સંતો, પૂરી પ્રીત પમાણી મારા સંતો...

**- ગણપત**

## : જન્મ સફળ તું કરતો જા :

'ઓમ્ગુરુ ઓમ્, ઓમ્ગુરુ ઓમ્' એ જ મંત્ર તું જપતો જા;
આવ્યો છે તું આ સંસારે, જન્મ સફળ તું કરતો જા;
તારો જન્મ સફળ તું કરતો જા.

ગર્વ તણી ગ્રંથિઓ ગાળી, માન-અપમાનના પડદા ફાડી;
નિત્યાનિત્ય વિવેકના પંથે, ધીરજ ધરીને સરતો જા.
તારો જન્મ સફળ તું કરતો જા.

કામાદિ છ વિકાર ખાળીને, મૃગતૃષ્ણાનાં મૂળો બાળીને;
સૃષ્ટિ તણા સકળ જીવોને, 'ગુરુસ્વરૂપે' નિહાળતો જા.
તારો જન્મ સફળ તું કરતો જા.

કૃપા-ધનનો સદ્વ્યય કરી લે, ભૂખ્યાંઓનાં પેટ ભરી દે;
ગુરુ-ઉપદેશને મંત્ર સમજીને, અન્યોને સમજાવતો જા.
તારો જન્મ સફળ તું કરતો જા.

'ઓમ્ગુરુદેવ'નું સ્મરણ કરી લે, દુઃખ પડે તે સુખ સમજી લે;
સત્સંગતનાં મોક્ષનાં મોતી, પ્રણવકૃપાએ પરોવતો જા.
તારો જન્મ સફળ તું કરતો જા.

ધરી ધ્યાન લે ગુરુતત્ત્વનું, પ્રણવ-ઓમ્ તે પરમ સત્ત્વનું;
ગુરુપ્રેમ સમર્પણ ધ્યાને, ધ્યાન 'પ્રભુ'નું ધરતો જા.
તારો જન્મ સફળ તું કરતો જા.

'ધર્મમેઘ'માં 'પ્રભુ' વસે છે, કૈવલ્ય ત્યાંથી સહેજે મળે છે;
જન્મ મનુષ્યનો ધન્ય કરીને, ધન્ય સર્વેને કરતો જા.
તારો જન્મ સફળ તું કરતો જા.

એ સાક્ષાત્કાર એ જ મોક્ષ છે, એ જ ધર્મ ને એ જ મર્મ છે;
પ્રણવ-ઓમ્ જે ઈશ્વર છે તે, પ્રગટ પ્રભુને પિછાણતો જા.
તારો જન્મ સફળ તું કરતો જા.

**- ગુરુધ્યાનભિક્ષુ**

## -: ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટના પ્રકાશનો :-

૩-બ, પલિયડનગર સોસાયટી, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. (INDIA)

ફોનઃ ૨૭૯૧૧૧૯૫ Email ID : aumparivar@yahoo.com • Web : aumparivar.com

**ગુજરાતી** — રૂ. પૈસા

૧. ગુરુમહિમા (યોગરહસ્યોથી ભરપૂર) (બીજી આવૃત્તિ)....................૫૫.૦૦
૨. મુક્તા (પાતંજલ યોગદર્શન-સમાધિપાદ) (ત્રીજી આવૃત્તિ)....................૯૦.૦૦
૩. શાંતા (પાતંજલ યોગદર્શન-સાધનપાદ) (બીજી આવૃત્તિ)....................૬૦.૦૦
૪. મારા ગુરુદેવ (જીવન અને સાધનાની અનુભૂતિ) (બીજી આવૃત્તિ)....................૧૬.૦૦
૫. ઈશ્વરની ઓળખ (ઈશ્વર કોને કહી શકાય?) (પાંચમી આવૃત્તિ)....................૩૫.૦૦
૬. મંત્રવિજ્ઞાન અને ધ્યાન (ત્રીજી આવૃત્તિ)....................૫૦.૦૦
૭. નિર્ઝર ઝરા કો ગેબસે (વિશ્વઅશાંતિના અતિ ગુપ્ત કારણોની મૌલિક રજૂઆત).....૧૫.૦૦
૮. કિસકો લાગું પાય? (ત્રીજી આવૃત્તિ)....................૦૫.૦૦
૯. સ્વાધ્યાય (ત્રીજી આવૃત્તિ)....................૬૦.૦૦
૧૦. મારે સમાજને બેઠો કરવો છે. (ત્રીજી આવૃત્તિ)....................૨૫.૦૦
૧૧. પ્રેરણાસિંધુ (બીજી આવૃત્તિ)....................૨૦.૦૦
૧૨. પ્રેરણાપીયૂષ (શ્રી ગુરુપ્રેમભિક્ષુજીના પ્રેરણાદાયી પત્રો)....................૦૮.૦૦
૧૩. કડવું અમૃત (ચોથી આવૃત્તિ)....................૮૦.૦૦
૧૪. મૃતસંજીવની....................૩૫.૦૦
૧૫. વીજળીના ઝબકારે....................૯૦.૦૦
૧૬. આધ્યાત્મિક ગરબા (ક્રાંતિકારી તળપદી)....................૧૫.૦૦
૧૭. ઓમ્‌નારાયણનાં ચિત્રો (મોટાં)....................૦૫.૦૦
૧૮. ઓમ્‌નારાયણનાં ચિત્રો (નાનાં)....................૦૩.૦૦
૧૯. અમૃત છલકાયું....................૨૦.૦૦
૨૦. અમેરીકા - શુભેચ્છા યાત્રા....................૨૦.૦૦
૨૧. રુતમ્ભરા (ત્રિમાસિક) પરદેશ લવાજમ : $ ૫૦/- ત્રિવાર્ષિક રૂા.૧૦૦.૦૦, આજીવન રૂા.૫૦૦.૦૦

**हिन्दी**

૧. निर्झर झरा को गेब से (વિશ્વઅશાંતિના અતિ ગુપ્ત કારણોની મૌલિક રજૂઆત)....................૧૦.૦૦
૨. ईश्वर की पहचान (ઓમ્ વિષેની વિસ્તૃત માહિતી)....................૧૧.૦૦
૩. क्रांत-चिंतन (પૂ.યોગભિક્ષુજી અને ઓ.પ્રે.પ.ટ્રસ્ટનો પરિચય)....................૧૭.૦૦
૪. मुक्ता (પાતંજલ યોગદર્શન-સમાધિપાદ)....................૫૫.૦૦

**English**

1. Streaming from The invisible (The Subtlest causes of world unrest)....................7.00
2. Easiest is Realization (Articles)....................5.00
3. Yogabhikshu – An Introduction....................5.00
4. I wish to Awaken The Society....................10.00

**ઓડિયો કેસેટ - સીડી**

૧. સંગીતમય ગાયત્રી મંત્ર....................૩૫.૦૦
૨. પૂ. યોગભિક્ષુજીનાં પ્રવચનો....................૩૫.૦૦
૩. અલૌકિક ક્રાંતિકારી ગરબા....................૩૫.૦૦
૪. સ્વાધ્યાય (ઓમ્‌પરિવાર)....................૩૫.૦૦
૫. ભજનો (સાદું સંગીત)....................૩૫.૦૦
૬. ઓમ્‌ચાલીસા.................... ૪૦.૦૦
૭. ગુરુબાવની તથા ભજનો (સીડી)....................૩૫.૦૦
૮. આરોગ્ય મંત્ર - જેનો જીભ પર કાબૂ તેનો જગ પર જાદુ....................૩૫.૦૦
૯. સંકટમોચન મંત્ર - કૌન સો સંકટ મોર ગરીબકો....................૩૫.૦૦
૧૦. ઓમ્ નમઃ શિવાય....................૩૫.૦૦
૧૧. ઓમ્‌ગુરુદેવ પરમાત્મા વિનવીએ બનાવો સૌને દિવ્યાત્મા....................૩૫.૦૦

**: પ્રકાશક :**

ઓમ્ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ વતી

ડૉ. સદ્ગુરુસમર્પણભિક્ષુ, ૩/બ, પલિયડનગર સોસાયટી, દર્પણ સર્કલ પાસે,

નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩.(Guj.-India) ફોન : ૦૭૯ ૨૭૯૧૧૧૯૫

E-mail : aumparivar@yahoo.com • Web : www.aumparivar.com